RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 166* Date: 14.04.2020 * Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### વડાપ્રધાન મોદી સવારે ૧૦ વાગે રાષ્ટ્રજોગ સંબોધન કરશે

# આજે નિર્ણય: લોકડાઉનમાં છૂટછાટ સાથે વધારો થશે



*ન્યુ દિલ્હી,તા.૧૩*

વૈશ્વિક મહામારી બનેલા કોરોના વાઈરસથી દેશને બચાવવા ૨૧ દિવસના લોકડાઉનની સમય મર્યાદા આવતીકાલ ૧૪ એપ્રિલના રોજ પૂરી થઇ રહી છે ત્યારે લોકડાઉનની સમય મર્યાદા અંગે અને લોકડાઉનમાં કોઇ છૂટછાટ આપાશે કે કેમ તેનો ખુલાસો આવતીકાલે સવારે ૧૦ વાગે થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૪મીએ સવારે ૧૦ વાગે ફરીએકવાર દેશવાસીઓને સંબોધન કરશે. રાષ્ટ્રજોગ સંબોધન અંગે મોદીએ ટ્વીટ કરીને જાહેર કર્યું હતું. આ અગાઉ તેઓ નોટબંધી વખતે ૮-૧૧-૨૦૧૬ના રોજ ત્યારબાદ કોરોના માટે ૧૯ માર્ચના રોજ જનતા કર્ફયુની જાહેરાત વખતે અને ૨૪ માર્ચની રાત્રે ૮ વાગે લોકડાઉનની જાહેરાત વખતે અને ૫ એપ્રિલના રોજ દિવા-મીણબતીની જાહેરાત માટે ૩ એપ્રિલના રોજ ટીવી પર આવ્યાં હતા. હવે ફરીથી ૧૪મીએ ટીવી પર આવશે. ૧૪મીએ બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ હોવાથી વડાપ્રધાન સંબોધનમાં તેમને પણ શબ્દાંજલિ આપશે.સૂત્રોએ કહ્યું કે આવતીકાલ મંગળવારના રોજ વડાપ્રધાન સવારે ૧૦ વાગે કોરોના લોકડાઉન સંદર્ભે દેશવાસીઓને સંબોધન કરશે ત્યારે લોકડાઉન અંગે જાહેરાત કરશે. આમ તો અન્ય રાજ્યોએ લોકડાઉનમાં ૩૦ એપ્રિલ સુધી વધારો કર્યો જ છે. તેથી વડાપ્રધાન પ્રત્યેથી લોકોને અને ખાસ કરીને ઉદ્યોગ સેક્ટર, સર્વિસ સેક્ટર અને પરિવહન સેક્ટર દ્વારા લોકડાઉનમાં કેટલીક શરતી છૂટછાટની આશા રાખી રહ્યાં છે. જેઓ બીજા રાજ્યોમાં ફસાયેલા છે ખાસ કરીને પર પ્રાંતિય લોકો માટે પણ તેઓ કોઈ જાહેરાત કરે તેમ મનાઈ રહ્યું છે. સમગ્ર દેશ વડાપ્રધાનના સંબોધન પર આશા રાખીને બેઠા છે. અને લોકડાઉનમાં છૂટછાટ અંગે કોઇ જાહેરાત કરે એમ પણ સૂત્રો માની રહ્યાં છે.૨૧ દિવસના લોકડાઉનથી કોરોનાને કાબુમાં લેવામાં સરકારને સફળતા મળી હોવાનું માનવામાં આવી રહ્યું છે. કેમ કે કેન્દ્રની એક એજન્સીએ તાજેતરમાં જ એવી જાહેરાત કરી હતી કે જો સમયસર લોકડાઉનની જાહેરાત ન કરાઇ હોત તો ૮ લાખ લોકો કોરોનાથી પિડાઇ રહ્યાં હોત. એટલે કે સરકારના સમયસર નિર્ણયથી ૮ લાખ લોકોને કોરોનાથી બચાવી લેવાયા છે. કેસો વધી રહ્યાં છે. તેમ છતાં યુરોપના દેશો જેવી હાલત કોરોનાને લઇને ભારતમાં થઇ નથી. વડાપ્રધાન કોરોનાને ડામવા લેવાયેલા પગલાઓ અંગેની જાણકારી પણ દેશવાસીઓ સાથે શેર કરશે.

દરમ્યાનમાં, દેશમાં કોરોના સંક્રમણના આજે ૧૯૮ કેસ સામે આવ્યા છે. જેમાંથી મહારાષ્ટ્રમાં ૮૨, ઉત્તરપ્રદેશમાં ૩૦, મધ્યપ્રદેશ અને ગુજરાતમાં ૨૨-૨૨ પશ્ચિમ બંગાળમાં ૧૮, આંધ્રપ્રદેશમાં ૧૨, રાજસ્થાનમાં ૧૧ અને આસામમાં ૧ દર્દી મળી આવ્યા છે. આ સાથે જ અત્યાર સુધી દેશમાં કોરોના સંક્રમણના ૯૨૮૯ કેસ અને ૩૪૦ લોકોના મોત થયા છે.

દેશમાં કોરોના સંક્રમણથી મૃત્યુઆંક ૩૪૦એ પહોંચી ગયો છે. સોમવારે મુંબઈના ધારાવીમાં સંક્રમણના કારણે પાંચમુ મોત થયું છે. આ સાથે જ મહારાષ્ટ્રમાં કોરોનાથી મરનારાઓની સંખ્યા ૧૫૦એ પહોંચી ગઈ છે. આ પહેલા રવિવારે એક દિવસમાં સૌથી વધારે ૩૯ લોકોના મોત થયા છે.

સમગ્ર દેશમાં કોરોનાનો પહેલો કેસ જાન્યુઆરીમાં સામે આવ્યો હતો. અ કોરોનાથી પહેલું મોત ૧૧ માર્ચના રોજ કર્ણાટકમાં થયું હતું. કોરોનાના કેસો નોંધાયાની વિગતો જોઈએ તો શરૂઆતના ૫૨ દિવસમાં ૩૯૬ કેસ અને ૭ મોત થયા હતા. પરંતુ ત્યારબાદ ૨૨ દિવસમાં જ ૮૮૯૨ કેસો નોંધાયા અને ૩૩૩ના મોત કોરોનાથી નોંધાયા હતા.

૨૧ દિવસીય લોકડાઉનની અવધિ ૧૪ એપ્રિલના રોજ પૂરો થવાના એક દિવસ પહેલા કેન્દ્રીય પ્રધાન અને વરિષ્ઠ અધિકારીઓ તેમની ઓફિસોમાં કામ પરત ફર્યા હતા. કેન્દ્રીય પ્રધાન પ્રકાશ જાવડેકરે સોમવારે દિલ્હીના શાસ્ત્રી ભવનમાં માહિતી અને પ્રસારણ મંત્રાલયના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. આ દરમિયાન મંત્રી સહિતના તમામ અધિકારીઓએ મોં પર માસ્ક બાંધીને જોવા મળ્યા હતા. અને સામાજિક અંતર માટે વિશેષ કાળજી પણ લેવામાં આવી હતી. સરકારે સામાજિક અંતર અને કોરોના વાયરસ અંગેની માર્ગદર્શિકાને અનુસરીને કેન્દ્રીય મંત્રીઓ અને કેટલાક વરિષ્ઠ અધિકારીઓને સોમવારથી પોતાનું કાર્ય શરૂ કરવા જણાવ્યું હતું.

પ્રકાશ જાવડેકરે પત્રકારોને કોરોનાના સમાચારો પ્રત્યે સાવધ રહેવાની અને સનસનાટી ન ફેલાવવા તાકીદ કરી હતી. તેમણે કહ્યું, ×મીડિયા કાર્યકરો ફ્રન્ટ લાઈન પર કામ કરે છે તેથી તમારી સંભાળ રાખો. હું બધી મીડિયા સંસ્થાઓને વિનંતી કરું છું કે જો કોઈ સમાચાર આવે તો સનસનાટીભર્યા થવાનો સમય નથી. સંબંધિત સમાચાર મંત્રાલયને પૂછીને પહેલા કોઈપણ સમાચાર ચકાસીને જ્યારે તમે સમાચાર પહોંચાડો ત્યારે જ સમાચાર વિશ્વસનીય બનશે.

સૂત્રોના જણાવ્યાં અનુસાર, વડા પ્રધાન કાર્યાલયના તમામ મંત્રીઓને સોમવારથી તેમની ઓફિસમાંથી કામ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. અત્યાર સુધીમાં દરેક ઘરેથી કામ કરી રહ્યા હતા, જેમને હવે તેમની ઓફિસો પર પાછા ફરવા માટે કહેવામાં આવ્યું હતું.. જો કે, આ સમયગાળા દરમિયાન, મંત્રાલય અને કચેરીઓને સામાજિક અંતરની વિશેષ કાળજી લેવાનું કહેવામાં આવ્યું છે. આ ઉપરાંત સંયુક્ત સચિવથી ઉપરના રેંકના તમામ અધિકારીઓને કચેરીમાં હાજર રહેવા જણાવાયું છે. તે જ સમયે, નીચલા સ્તરે કામ કરતા લોકોને રોટેશન આધારે ઓફિસમાં બોલાવવામાં આવશે.

# નવ મહિના સુધી ચાલે એટલું અનાજ અમારા ગોડાઉનમાં છે: પાસવાન

)ન્યુ દિલ્હી,તા.૧૩

જાહેર વિતરણ વ્યવસ્થા દ્વારા દેશના ૮૧ કરોડ લાભકર્તાને નવ મહિના સુધી ચાલે એટલું અનાજ સરકારી ગોડાઉનોમાં હોવાની માહિતી કેન્દ્રીય પ્રધાન રામવિલાસ પાસવાને આપી હતી. આ સાથે આ વર્ષે થયેલા ઘઉંના જબ્બર પાકને ધ્યાનમાં લેતા સરકારી ગોડાઉનોમાં વધુ લાંબા સમય સુધી ચાલે એટલું અનાજ ઉપલબ્ધ રહેવાનો વિશ્ર્વાસ પણ એમણે વ્યક્ત કર્યો હતો.

આખા દેશમાં લૉકડાઉન એપ્રિલના અંત સુધી લંબાવવા વિશે સરકાર નિર્ણય લેવાની છે ત્યારે ગ્રાહકોની બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ પ્રધાન પાસવાને જણાવ્યું હતું કે આ કટોકટીના સમયમાં ટ્રાંસપોર્ટેશન અને અનાજની આટલા મોટા પાયે થઇ રહેલી વહેંચણી સાથે ગરીબોને સમયસર અનાજ મળી રહે એનું ધ્યાન રખાઇ રહ્યું છે.

૧૦મી એપ્રિલ સુધીમાં સરકારી ગોડાઉનોમાં ૨૯૯.૪૫ લાખ મેટ્રિક ટન ચોખા અને ૨૩૫.૩૩ લાખ મેટ્રિક ટન ઘઉંનો જથ્થો ઉપલબ્ધ હતો. આ બંને મુખ્ય અનાજ મળીને કુલ ૫૩૪.૭૮ લાખ મેટ્રિક ટન અનાજ લોકોને આપવા માટે ઉપલબ્ધ છે.

એમણે વધુમાં જણાવ્યું હતું કે દર મહિને જાહેર વિતરણ વ્યવસ્થા દ્વારા ૬૦ લાખ મેટ્રિક ટન અનાજ આપવામાં આવે છે. આ સિવાય, ઓછા પ્રમાણમાં દાળ અને ખાંડ પણ આપવામાં આવે છે.

અનાજની કોઇ કમી નથી. આ વખતે દેશમાં જબ્બર રવી પાક થયો છે અને અમારા અંદાજ પ્રમાણે આપણી પાસે બે વર્ષ ચાલે એટલો જથ્થો ઉપલબ્ધ છે.

## પૂર્વોત્તરના રાજ્યોમાં કોરોનાનો પગપેસારો: નાગાલેન્ડમાં પ્રથમ કેસ નોંધાયો

કોહિમા,તા.૧૩

સમગ્ર દેશમાં કોરોનાનો કેર વધતો જઈ રહ્યો છે. ત્યારે હવે કોરોનાએ પૂર્વોતરના રાજ્યમાં પણ પગપેસારો કર્યો છે. નાગાલેડમાં કોરોનાનો પ્રથમ કેસ સામે આવ્યો છે.નાગાલેન્ડના દર્દીનો ઈલાજ આસામના ગુવાહાટી મેડિકલ કોલેજમાં ચાલી રહ્યો છે.નાગાલેન્ડના દીમાપુરની એક ખાનગી હોસ્પિટલમાં રહેલા દર્દીમાં કોરોનાના લક્ષણો જોવા મળ્યા. જે બાદ તેને ગુવાહાટી મેડિકલ કોલેજની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો. જ્યાં તેનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો..પૂર્વોતરમાં અત્યાર સુધી કોરોનાના ૩૫ કેસ સામે આવ્યા છે.જેમાં માત્ર અસમમાં ૨૯ દર્દીઓ મળ્યા છે. આ ઉપરાંત મણિપુર અને ત્રિપુરામાં બે-બે કેસ નોધાયા છે.જ્યારે અરૂણાચલ પ્રદેશ અને નાગાલેન્ડમાં કોરોનાના એક-એક કેસ મળ્યા છે.

### વધુ બેના મોત સાથે કુલ મૃત્યુઆંક ૨૬એ પહોંચ્યો,૪૬ લોકો સ્વસ્થ થયા

# ગુજરાતમાં કોરોના વિસ્ફોટ: વધુ ૨૬ પોઝિટિવ કેસ સાથે આંકડો ૫૪૦ને પાર

*ગાંધીનગર,તા.૧૩*

રાજ્યમાં કોરોનાના દર્દીનો આંક સતત વધી રહ્યો છે.અત્યાર સુધીમાં કોરોનાએ રાજ્યના ૨૦ જિલ્લાને ઝપટમાં લીધા છે. આજે ગુજરાતમાં નવા ૨૨ પોઝિટિવ કેસ નોંધાયા હતા. ત્યાર બાદ વડોદરામાં વધુ ૪ પોઝિટિવ કેસ સામે આવતા કોરોનાના કુલ ૫૪૨ દર્દીઓ થયા છે. જ્યારે વધુ બે મોત સાથે મૃત્યુઆંક ૨૬એ પહોંચ્યો છે. આ સાથે ૩ લોકોને કોરોના વાયરસનો ચેપ લાગ્યા પછી સ્વસ્થ્ય થયા બાદ રજા આપવામાં આવી છે.

આજે પણ રાજ્યમાં નોંધાયેલા વધુ કેસોમાં સૌથી વધુ કેસ અમદાવાદમાં નોંધાયા છે. અત્યાર સુધીમાં રાજ્યમાં કોરોના વાયરસની ચપેટમાં આવેલા કેસોની સંખ્યા ૫૪૨ પર પહોંચી છે.

રાજ્યમાં કેટલાક વિસ્તારો કે જ્યાં એકાદ પોઝિટિવ દર્દી છે ત્યાં કોરોના સ્ટેજ વનમાં છે પરંતુ રાજ્યના એવા વિસ્તારો કે જ્યાં એક કરતા વધારે કેસ નોંધાયા છે અને તેમને હોટસ્પોટ અને ક્લસ્ટર કરવામાં આવ્યા છે ત્યાં કોરોના સ્ટેજ ટૂમાં પહોંચ્યો છે. રાજ્યમાં હજી કોરોના સ્ટેજ થ્રી એટલે કે કોમ્યુનિટી સ્પ્રેડમાં પહોંચ્યો નથી તેમ આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ જણાવ્યું છે.

રાજ્યના આરોગ્ય વિભાગના મુખ્ય સચિવ જયંતિ રવિએ પ્રેસ કોન્ફરન્સ કરીને જણાવ્યું છે કે, નવા નોંધાયાલા કોરોનાના ૨૨ કેસમાંથી અમદાવાદમાં ૧૩, સુરતમાં ૫, બનાસકાંઠામાં ૨ અને આણંદ તથા વડોદરામાં ૧-૧ કેસ નોંધાયા છે. એક દિવસમાં નોંધાયેલા બે મોતમાંથી એક કેસ અમદાવાદનો જ્યારે બીજો કેસ વડોદરાનો છે.

રાજ્યમાં અમદાવાદમાં સૌથી વધારે ૨૯૫ કેસ નોંધાયા છે. વડોદરામાં ૧૦૨, સુરતમાં ૩૩, રાજકોટમાં ૧૮, ગાંધીનગરમાં ૧૫ ભાવનગરમાં ૨૩, પાટણમાં ૧૪ કેસ નોંધાયા છે. અમદાવાદ અને વડોદરામાં કોરોના વાયરસના કારણે થયેલા બે મોતમાં બન્ને દર્દીઓ અન્ય બીમારીઓથી પણ પીડાતા હતા. જેમાં અમદાવાદની એસવીપી હોસ્પિલમાં સારવાર લઈ રહેલા ૭૬ વર્ષના પુરુષ દર્દીને હૃદય અને ફેફસાની બીમારી પહેલા જ હતી જ્યારે વડોદરાની ગોત્રી હોસ્પિટલમાં ૨૭ વર્ષના પુરુષ દર્દીની ડેંગ્યુની સારવાર ચાલી રહી હતી તેમાં કોરોનાની સાથે ડેંગ્યુની સારવાર ચાલી રહી હતી.રાજ્યમાં કુલ કોરોના વાયરસનો આંકડો ૫૪૨ પર પહોંચ્યો છે જ્યારે ૪૬ લોકોને સ્વસ્થ થયા બાદ રજા આપવામાં આવી છે. આ સિવાય ૪ દર્દીઓની સ્થિતિ ગંભીર હોવાથી તેમને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા છે જ્યારે ૪૬૧ દર્દીઓની સ્થિતિ સ્થિર છે. રાજ્યમાં કોરોનાના કારણે એક દિવસમાં વધુ બે લોકોના મોત સાથે કુલ આંકડો ૨૬ પર પહોંચ્યો છે. પાછલા ૨૪ કલાકમાં રાજ્યમાં ૨૨૬૩ લોકોના કોવિડ-૧૯ ટેસ્ટ કરવામાં આવ્યા છે જેમાંથી ૪૫ લોકો પોઝિટિવ આવ્યા છે અને ૨૭૩ લોકોનો રિપોર્ટ આવવાનો બાકી છે.

### વાયદા બજારમાં સોનું એક અઠવાડિયામાં બીજી વખત ઓલટાઈમ હાઈ

# સોનામાં રેકોર્ડબ્રેક તેજી: ૧૦ ગ્રામનો ભાવ ૪૬૩૦૦એ પહોંચ્યો

મુંબઇ,તા.૧૩

કોરોના વાયરસને ફેલાતો માટે રોકાયેલા લોકડાઉનને કારણે કિંમતી ધાતુઓ માટેનું સ્પોટ માર્કેટ બંધ છે. દરમિયાન, વાયદા બજારમાં સોના-ચાંદીના ભાવમાં જોરદાર ઉછાળો જોવા મળી રહ્યો છે. સોમવારે સોનાના ભાવ સતત વધી રહ્યા છે. મલ્ટી કોમોડિટ એક્સચેન્જ પર સોમવારે સવારે સોનાનો જુન વાયદો રૂ. ૪૫,૮૦૦ પ્રતિ ૧૦ ગ્રામના સ્તરે ખુલ્યા બાદ બપોરે ૧ વાગ્યે રૂ. ૪૬,૩૦૦ની પર પહોચી ગયો હતો. ચાલુ કારોબારી દિવસમાં અત્યાર સુધીમાં સોનાનો ભાવ ૧૧૦૦ રૂપિયા જેટલો વધારો થયો છે. આ અંગે બજાર નિષ્ણાતો જણાવે છે કે, કોરોનાના કારણે વૈશ્વિક સ્તરે અર્થતંત્રને ફટકો પડ્યો છે અને આ પરિસ્થિતિમાં સલામત રોકાણ માટે રોકાણકારો સોનામાં વધુ ઈન્વેસ્ટ કરી રહ્યા છે. આ જ કારણોસર કીમતી ધાતુઓના ભાવ ફરી નવા રેકોર્ડ સ્તરે પહોચ્યા છે.

સોનાની પાછળ ચાંદીમાં પણ આજે શરૂઆતથી જ સુધારા તરફી માહોલ રહ્યો છે. એમસીએક્સ સિલ્વર જુલાઈ કોન્ટ્રાક્ટ આજે સવારે રૂ. ૪૩,૮૪૨ પ્રતિ કિલો ખુલ્યા બાદ વધીને રૂ. ૪૪,૩૧૦ થયો હતો. આ લખાય છે ત્યારે ચાંદીમાં રૂ. ૪૪૨૩૩ના સ્તરે વેપાર થઈ રહ્યા છે. આજના દિવસમાં અત્યાર સુધીમાં ચાંદીના ભાવમાં ૧.૧૯%નો વધારો જોવા મળ્યો છે.

કોરોના વાયરસ ચેપનો વૈશ્વિક ફેલાવો થયો હોવાથી રોકાણકારો કિંમતી ધાતુઓ તરફ આગળ વધ્યાં છે. આને કારણે, તેમના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. ગયા અઠવાડિયે પણ સોનાના ભાવમાં ઉછાળો જોવા મળ્યો હતો અને તેણે રૂ. ૨૦૦૦ ની મજબૂતી સાથે પ્રતિ દસ ગ્રામ રૂ. ૪૫,૭૨૪ના રેકોર્ડ સ્તરે પહોચ્યું હતું.

# બોરિસ જહોન્સનને હોસ્પિટલમાંથી રજા અપાઈ: તબિયતમાં સુધારો

લંડન,તા.૧૩

કોરોના વાઈરસની સારવાર લીધા પછી બ્રિટિશના વડા પ્રધાન બોરિસ જહોન્સનને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. ડાઉનિંગ સ્ટ્રીટના એક પ્રવક્તાએ આ માહિતી આપી હતી. પ્રવક્તાના જણાવ્યા મુજબ કોરોના વાઈરસની સારવાર માટે હોસ્પિટલમાં દાખલ થવાના એક સપ્તાહ પછી બોરિસ જહોન્સનને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. આ પહેલાં બોરિસ જહોન્સનને તેમનો જાન બચાવવા માટે નેશનલ હેલ્થ સર્વિસના ડોક્ટરો અને કર્મચારીઓનો આભાર માન્યો હતો.

પોતાના આરોગ્યમાં સુધારો થયા પછી જહોન્સનને ગઈ કાલે લંડનની સેન્ટ થોમસ હોસ્પિટલના આઈસીયુમાંથી બહાર લાવવામાં આવ્યા હતા. ત્યાર બાદ તેમણે પહેલા જાહેર નિવેદનમાં કહ્યું હતું કે જીવ બચાવવા માટે હું તમારો આભારી છું.

જહોન્સન ક્યારે કામ પર પાછા ફરશેના સવાલના જવાબમાં બ્રિટિશ ગૃહપ્રધાન પ્રીતિ પટેલે કહ્યું હતું કે વડા પ્રધાન સંપૂર્ણ રીતે સ્વસ્થ થતાં હજી કેટલોક સમય લાગશે.



દિલ્હીના નિઝામુદ્દીન વિસ્તારમાં આવેલા પોતાના ઘરમાં પૂરાયેલો એક બાળક બારીમાંથી બહાર જોઈ સમય પસાર કરી રહ્યો છે.

## તંત્રી સ્થાનેથી...

# કોરોના બેફામ : અમેરિકા પાયમાલ અને દક્ષિણ એશિયા કંગાલ બનશે

કોરોના અમેરિકામાં હાહાકાર મચાવશે એવી અલગ અલગ સંગઠનોની અને એક્સપર્ટ્સની ચેતવણી છતાં ટ્રમ્પે તેમની વાત કાને ધરી ન હતી. તેના કારણે અમેરિકામાં કોરોના બેકાબુ બન્યો છે. અમેરિકામાં કોરોના ફેલાયો તે પહેલાં જ ગુપ્તચર વિભાગ, હેલ્થ એક્સપર્ટ્સ, નેશનલ સિક્યુરિટી એજન્સીઓએ ટ્રમ્પને કોરોનાથી બચવાના આયોજન કરવાની ભલામણ કરી હતી.ચીનમાં કોરોના ફેલાયો તે વખતે જ ટ્રમ્પને ચેતવણી આપી દેવામાં આવી હતી, પરંતુ અતિ આત્મવિશ્વાસમાં ટ્રમ્પે કોઈની વાત કાને ધરી ન હતી અને એ દરમિયાન ટ્રમ્પ અર્થતંત્રના નવા નિર્ણયો લેવામાં વધુ વિશ્વાસ કરતા હતા. ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલમાં કહેવાયું હતું કે ટ્રમ્પના તરંગી સ્વભાવના કારણે દેશમાં કોરોના કાબુ બહાર જતો રહ્યો. ટ્રમ્પને પોતાના નેતૃત્વમાં અતિ આત્મવિશ્વાસ હતો અને પોતાના ઉપર આંધળો ભરોસો મૂકીને ટ્રમ્પે આખા અમેરિકાને ખતરમાં હોમી દીધું.ટ્રમ્પને જ્યારે એક પછી એક ચેતવણી આપવામાં આવી રહી હતી ત્યારે તેમણે એ અહેવાલોને ગંભીરતાથી લીધા ન હતા. ટ્રમ્પની માન્યતા હતી કે ચીનનો કોરોના વાયરસ અમેરિકામાં એટલી અસર કરશે નહીં. ટ્રમ્પને માત્ર છૂટા-છવાયા કેસની જ ધારણા હતી.છેક સુધી ટ્રમ્પે કોરોનાને ગંભીરતાથી લેવાને બદલે અર્થતંત્રમાં અવરોધ ન આવે એ દિશાના જ નિર્ણયો લીધા હતા. હેલ્થને પ્રાથમિકતા આપવાને બદલે ટ્રમ્પે અર્થતંત્રને પ્રાધાન્ય આપ્યું હોવાનું મીડિયા અહેવાલમાં લખાયું હતું. રીપોર્ટમાં ટ્રમ્પની ઝાટકણી કાઢતા લખાયું હતું કે દેશમાં કોરોના ફેલાતો હતો ત્યારે યોગ્ય પગલાં ભરવાને બદલે અને લોકડાઉન લાગુ કરવાને બદલે ટ્રમ્પ ચીન ઉપર આરોપ કરવામાં વ્યસ્ત હતા.આખા વિશ્વમાં કોરોનાનો હાહાકાર છે. અને તેમાં પણ અમેરિકા અત્યારે સૌથી વધુ પ્રભાવિત છે. ત્યારે અમેરિકામાં કોરોનાના કારણે ૨૪ કલાકની અંદર મૃત્યુ પામનારાની સંખ્યા પણ ૧૫૦૦ થી ૨૦૦૦ સુધીનો રહ્યો છે , જેમાં સૌથી ખરાબ હાલત ન્યૂયોર્કની છે. કહેવામાં આવી રહ્યું છે કે અમેરિકામાં એટલા બધા મૃત્યુ થયાં છે કે તેમના શબને દફનાવવા માટે જગ્યા જ નથી, મૃતદેહોને દફનાવવા કબ્રસ્તાન પણ ઓછા પડી રહ્યા છે.સૌથી વધુ પ્રભાવિત ન્યૂયોર્ક કે જેમાંથી કેટલીક તસવીરો અને વીડીયો સામે આવ્યા છે, જે ખરેખર ઘણાં ભયંકર અને ખતરનાક છે. ન્યૂયોર્કમાં નવા કબ્રસ્તાન બનાવવામાં આવી રહ્યા છે જેનાથી કોરોના સંક્રમિત લોકોને દફનાવી શકાય. ડેઈલી મેઈલના રિપોર્ટ અનુસાર ન્યૂયોર્કના હાર્ટ આઈલેન્ડ પર સામૂહિક કબ્રસ્તાન બનાવાયું છે. અહિં એવા લોકોને દફનાવાય છે જે લાવારીસ છે, જેમનો પરિવાર ફ્યૂનરલનો ખર્ચો નથી ઉપાડી શકતા. રિપોર્ટ અનુસાર પહેલા ૧ અઠવાડિયમાં શબને દફનાવવામાં આવતા પણ હવે તો દર ૫ દિવસે આ કામગીરી કરવી પડે છે દ્વિપ પર શબને દફનાવવા માટે મૃતકના પાર્થિવશરીરને થેલીમાં લપેટવામાં આવે છે અને પછી તેને તાબૂતમાં મૂકવામાં આવી છે . માટે ન્યૂયોર્કની પરિસ્થિતિ ઈટલી જેવી જ થઈ રહી છે.વુહાન, સ્પેન, ઈટાલી અને હવે ન્યૂયોર્કમાં કોરોના વાઈરસે રેકોર્ડબ્રેક લોકોનો ભોગ લીધો છે. અહીં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧ લાખથી પણ વધી ગઈ છે. ૬૦૦૦થી વધારે લોકો સંક્રમણના કારણે પોતાનો જીવ ગુમાવી ચૂક્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૧૪/૦૪/૨૦૨૦, મંગળવાર, ચૈત્ર વદ-૭
સૂર્યોદય-૬-૨૯, સૂર્યાસ્ત-૭-૦૬, જૈન નવકારશી-૭-૫૪,
આજની રાશિ : મકર (ખ.જ.), નક્ષત્રઃ પૂર્વાષાઢા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**
૯-૩૮થી ચલ-લાભ-અમૃત-૧૪-૨૨ સુધી, ૧૫-૫૬ થી શુભ-૧૭-૩૧ સુધી, ૨૦-૩૧ થી લાભ-૨૧-૫૬ સુધી, ૨૩-૨૧ થી શુભ-અમૃત-ચલ-૨૭-૩૭ સુધી

**- શુભ હોરા-**
૭-૩૨ થી ૧૦-૪૧ સુધી, ૧૦-૪૧ થી ૧૧-૪૪ સુધી, ૧૨-૪૭ થી ૧૩-૫૦ સુધી, ૧૫-૫૬ થી ૧૬-૦૬ સુધી

## દૈનિક રાશીફળ

તા.૧૪-૦૪-૨૦૨૦ મંગળવાર

**મેષ(અ.લ.ઈ.) :-** સટ્ટાકીય કાળજી રાખવી. આવકનું પ્રમાણ જળવાઈ રહે. વાહન-મકાન સુખ ઉત્તમ. આરોગ્ય સાચવવું.
**વૃષભ(બ.વ.ઉ.) :-** બુદ્ધિ-વિવેકથી કાર્ય સિદ્ધ થાય. કુટુંબ સુખ આવક વધે. ધંધામાં આવક વધે. અભ્યાસમાં પ્રગતિ.
**મિથુન(ક.છ.ઘ.) :-** શેરબજારથી લાભ થાય. ર્આથિક સ્થિતિ મજબૂત બનતી જણાય. આરોગ્ય સુખાકારી રહે.
**કર્ક(ડ.હ.) :-** વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી બની રહે. માનસિક ટેન્શન ઓછું રહે. સમય શુભ. જમીન-મકાન ખરીદી શક્ય બને.
**સિંહ(મ.ટ.) :-** નાણાંકીય સ્થઇતિ મજબૂત બનતી જમાય. રોજગારીની નવી તકો મળે. આવકનું પ્રમાણ રહે.
**કન્યા(પ.ઠ.ણ.) :-** ઇષ્ટદેવની ઉપાસનાથી રાહત. ર્ધામિક યાત્રાપ્રવાસનો યોગ. કૌટુંબિક વાતાવરણ સુમેળ રહે.
**તુલા(ર.ત.) :-** પરદેશથી સુભ સમાચાર મળે. એકંદરે સમય સુભ રહે. અભ્યાસમાં પ્રગતિ. વિદેશથી શુભ સમાચાર પ્રાપ્ત થાય.
**વૃશ્ચિક(ન.ય.) :-** શેર સટ્ટાકીય બાબતોથી સંભાળવું. માનસિક ચિંતા હળવી બને. અકંદરે સમય શુભ. રોજગારીની તકો મળે.
**ધન(ભ.ધ.ફ.ઢ.) :-** નોકરીમાં ઉપર અધિકારીનું માર્ગદર્શન મળી રહે. બદલી-બઢતીની શક્યતા આરોગ્ય સુખાકારી.
**મકર(ખ.જ.) :-** વારસાગત મિલકતની પ્રાપ્તિ થાય. આવકનું પ્રમાણ જળવાઈ રહે.
**કુંભ(ગ.શ.સ.) :-** જમીન, વાહન, મકાનના યોગ. આરોગ્ય સુખાકારી, કૌટુંબિક વાતાવરણ સુમેળ ભર્યું બની રહે.
**મીન(દ.ચ.ઝ.) :-** ઇષ્ટદેવની કળપાથી મુશ્કેલીમાં રાહત. ર્ધામિકયાત્રા પ્રવાસના યોગ. આરોગ્ય સારું રહે.

# જાણો લોકડાઉન ના કેટલાક હીરોને...




સમગ્ર દેશ અત્યારે Lock Down હેઠળ છે ત્યારે કદાચ પ્રથમ વખત ગુજરાતીઓને અમુક અધીકારીઓની સાચી ઓળખ થઈ છે. સામાન્ય રીતે કોઈપણ સરકારમાં બે મહત્વની પાંખો હોય છે.

1, Political Wing
2, Bureaucrat Wing.

પોલીટીકલ એટલે કે રાજકીય વ્યક્તિઓ કે જે મતદારો દ્વારા ચુંટાઈને પાંચ વર્ષની મર્યાદા સાથે સત્તા પર આવે છે. ગુજરાત રાજ્ય સ્તરની જો વાત કરીએ તો મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, કેબીનેટ મંત્રીઓ, રાજ્ય કક્ષાના મંત્રીઓ, ધારાસભ્યો, બોર્ડ / નિગમના અધ્યક્ષ, બોર્ડના ડીરેક્ટર, મેયર, સ્ટેડીગ કમીટી ચેરમેન, કોર્પોરેટર્સ, સરપંચોનો આ પાંખમા સમાવેશ થાય છે.

જયારે બ્યુરોક્રેટ વિંગમા અધીકારી વર્ગ આવે છે જેમાં મુખ્ય સચિવ, અધીક મુખ્ય સચિવ, અગ્ર સચિવ, સચિવ, કમિશ્નર, મેનેજીંગ ડીરેક્ટર, ડાયરેક્ટર, જીલ્લા કલેક્ટર, જીલ્લા વિકાસ અધિકારી, જીલ્લા પોલીસ અધિકારીશ્રી, મામલતદાર અને તેમના હાથ નીચે કામ કરતા અસંખ્ય અધીકારીઓ અને કર્મચારીઓ નો મોટો સમુહ આવે છે. અધીકારી વર્ગમાં મુખ્ય ચાર વિભાગો આવે છે.

I.A.S. : Indian Administrative Services
I.P.S. : Indian Police Services
I.F.S. : Indian Froest Services
G.A.S.: Gujarat Administrative Services

અત્યારે ગુજરાત અને અમદાવાદ માં ચાર અધિકારીશ્રીઓને લોકો ઓળખવા માંડ્યા છે..આ ચાર અધિકારીશ્રીઓ ×લોકડાઉન ના હીરો× છે તેમ કહેવું સહેજ પણ અતીશયોક્તી નહી ગણાય.

૧, શ્રી શિવાનંદ જહાં ( I.P.S.)

પોલીસ મહાનિર્દેશકશ્રી, ગુજરાત રાજ્ય

મુળ વતન : પટણા ( બીહાર )

૧૯૭૯ માં પટણા યુનિવર્સિટી માંથી સ્નાતક થયા બાદ

૧૯૮૩ ની બેચના બીહાર કેડરના આઈ.પી.એસ. થયા.

જહાં સાહેબે ગોધરા રમખાણો વખતે અને ભુતકાળમાં રથયાત્રા વખતે થયેલા તોફાનો વખતે અમદાવાદના એડીશનલ પોલીસ કમિશ્નર તરીકે ઉત્તમ કામગીરી કરેલી.

તાજેતરમાં મુખ્ય સચિવશ્રી તરીકે નિવૃત થનાર શ્રી જે.એન. સિંહ અને શ્રી શિવાનંદ જહાં સ્કુલ સમયના ખાસ મીત્રો.

ઘણાને ખબર નહીં હોય હમણાં સુધી ગુજરાતની બે મહત્વની પોસ્ટ પર બે બીહારી મીત્રો બીરાજતા હતા ( એક નિવૃત થયા ) એવું કહેવાય છે કે શ્રી નરેન્દ્રભાઈ મોદીની ગુડ બુકમાં આજે પણ આ બન્ને અધીકારીઓનુ નામ અકબંધ છે.

આજે વિશ્ર્વ પર આવી પડેલી મહાઆફતમાં ગુજરાતના પોલીસ વડા તરીકે શ્રી શિવાનંદ જહાં તેમના સુઝબુઝ વાળા નિર્ણયો અને ટીમ લીડર તરીકે ની કુશળ આવડતને કારણે લોકોના અભિનંદન મેળવી રહ્યા છે...સલામ છે આવા અધીકારીને..

૨, શ્રીમતી જયંતી રવિ ( I.A.S.)

અધીક સચિવશ્રી : આરોગ્ય , ગુજરાત રાજ્ય.

સ્વભાવે સરળ સહજ .ભ્રષ્ટાચારનો દાગ નહીં. કડક વહીવટ કરતા જયંતિ રવિજી એ મદ્રાસ યુનિવર્સિટી માંથી સ્નાતક થઈને હાવર્ડ યુનિવર્સિટી માં PHD કર્યુ છે.

I A S માં ગુજરાત કેડરના અધિકારી છે.

૨૦૦૨ ના રમખાણ સમયે જયંતિજી પંચમહાલ કલેક્ટર હતા. એ સિવાય શિક્ષણ, ગ્રામવિકાસ, પ્રધાનમંત્રી કાર્યાલય જેવા મહત્વના વિભાગોમાં તેમનું વિશેષ યોગદાન રહ્યું છે.

જયંતિ રવિ સારા વહીવટકર્તા હોવા છતાં કડક અધીકારીની છાપ ધરાવે છે. પરંતુ દિલના એટલા જ પ્રેમાળ અને સાફ છે.

જયંતિ રવિ ૧૧ ભાષાઓ જાણે છે. સંસ્કૃતમાં ઘણા પુસ્તકો પણ તેમણે લખ્યા છે. નવાઈ લાગે તેવી વાત એ છે કે આટલી મોટી જવાબદારી નિભાવતા જયંતિ જી ખૂબ સારા ગુજરાતી ભજનો પણ ગાય છે.

×મેરુ તો ડગે પણ મન ન ડગે× તેમનું પ્રીય ભજન છે અને તેઓ આ ભજન ખૂબ સરસ રીતે ગાય પણ છે. તેઓશ્રી સનદી સેવામાં જોડાયા તે પેહલાં આકાશવાણી દિલ્હીમાં યુવાવાણી, ઈંગ્લીશ ટોક્સ વિગેરે કાર્યક્રમમાં ભાગ લેતાં . તેઓ આકાશવાણી ના ×બી× હાઈ ગ્રેડના માન્ય આર્ટીસ્ટ પણ છે જે ઘણાને નહી જ ખબર હોય. મોટેરા સૂર્ય મંદિર ખાતે થતા મહોત્સવ દરમ્યાન કથક નૃત્ય પણ તેઓએ કરેલ છે. તાજેતરમાં સોશીયલ મીડીયા પર તેમના કંઠે ગવાયેલ મહીસાસુર મર્દની ખુબ વાયરલ થયેલું. સતત સંવેદનશીલ એવા જયંતિજીના પરિવારમાં તેમના જીવન સાથી રામ ગોપાલજી, દીકરી કૃપા, દીકરો રામ પણ એટલા જ સરળ છે. આવા કુશળ મહિલા અધિકારીશ્રી હાલ સરેરાશ ૨૦ કલાક આપણા માટે કામ કરી રહ્યા છે. ગુજરાત સરકાર ના આવા નિષ્ઠાવાન અને વફાદાર અધીકારીના હાથમાં આરોગ્ય લક્ષી નિર્ણય લેવાની જવાબદારી હોય ત્યારે આપણે ચિંતા મુક્ત જ રહેવું પડે. આવા બાહોશ અધીકારી શ્રીમતી જયંતિ રવિજીને નતમસ્તકે વંદન...

૩, શ્રી અશ્ર્વિનીકુમાર ( ".છ.જી.)

ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી ના અગ્ર સચિવશ્રી.

જન્મ : ૨૮ , ૧૯૭૫

સરકારી નોકરીમાં જોડાણ : ૦૮:૦૯:૧૯૯૭

બી.ટેક, આઈ.આઈ. ટી. પાસ આઉટ, કેમીકલ એન્જીનીયર, એમ.એસ.સી., પબ્લીક સર્વિસ.

પોલીસી અને મેનેજમેન્ટ : કીંગ્સ કોલેજ : લંડન

મેથ્સ ઉપર માસ્ટરી છે. બે દીકરીઓ છે. કુશળ મેનેજમેન્ટ કરે છે. અત્યન્ત મિતભાષી છે. ક્યારેય ટેમ્પર લુઝ કરતા કોઈએ જોયા નથી. આગળનું વિચારીને કુનેહપૂર્વક નિર્ણયો લેવાની એમની કુશળતા છે. મેઘાવી યાદશક્તિ છે. ફોટોગ્રાફીક મેમરી છે. વોરેશિયસ રીડર છે. ખુબ પ્રેમાળ અને સંવેદનશીલ વ્યક્તિત્વના માલિક છે. કાર્યને હંમેશા પરિણામલક્ષીતાથી કરે છે. સિનિયર અને જુનિયર ઓફિસરો સાથે હંમેશા અદભૂત કોઓરડીનેશન જાળવે છે. ટીમવર્ક એમનું સૌથી મોટું જમા પાસું છે. મુશ્કેલ અને કપરી પરિસ્થિતિમાં એમની કાર્યશૈલી કાબિલે તારીફ હોય છે આવી પરિસ્થિતિમા ક્યારેય પેનિક થયા હોય એવું ધ્યાનમાં નથી.

એમના ઘરે બે ડોગી છે. સમય મળે ત્યારે એમની સાથે તેઓ મોજથી રમે છે. આહાર ખુબ સીમિત, સાદો અને નિયમિત છે. દંભ નામ માત્ર એમના વ્યક્તિત્વમાં નથી. અત્યંત પારદર્શક વ્યક્તિ. ઈતિહાસ વિશેની એમની જાણકારી અવર્ણનીય છે. અનેક જીલ્લાઓમા જીલ્લા કલેકટર તરીકે સેવાઓ આપેલી છે. હાલ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી ના કાર્યાલયમાં મુખ્યમંત્રીશ્રી ના અગ્ર સચિવશ્રી તરીકે મહત્વની જવાબદારી સ્વીકારી નિભાવી રહ્યા છે. હાલના કપરા સંજોગોમાં ગુજરાતની પળેપળની માહિતી અને મુખ્યમંત્રીશ્રી તરફથી લેવાતા પ્રજાકીય નિર્ણયો અને તાજેતરમાં જ કાર્યરત એવાં સી.એમ. ડેશબોર્ડ ની જવાબદારી શ્રી અશ્ર્વિનીકુમાર સર બેખુબીથી નિભાવી રહ્યા છે. સલામ છે આવા કર્તવ્યનિષ્ઠ અધીકારીશ્રીને..

૫, શ્રી વિજય નહેરા ( I.A.S.)

કમીશ્નરશ્રી : અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

જન્મ તારીખ : ૦૬ - ૦૭ : ૧૯૭૫

જન્મ સ્થળ : સીહોટ છોટી , જીલ્લો : સીકાર : રાજસ્થાન

જાટ પરીવાર માં જન્મ, પીતાજી આર્મી જવાન હતા.

સરકારી સહાયથી પ્રાથમિક શિક્ષણ સરકારી સ્કુલમાં જ લીધું. વર્ષ ૨૦૦૧ માં ગુજરાત કેડરના IAS બન્યા.

ગુજરાત રાજય ના ગૃહ વિભાગ માં ( કાયદો અને વ્યવસ્થા ), શ્રી મોદીજીના કાર્યકાળમાં મુખ્યમંત્રીશ્રી ના સચિવ, વડોદરા અને અમદાવાદ ના કલેક્ટર જેવી મહત્વની જગ્યાઓ પર સેવાઓ આપી. વર્ષ ૨૦૦૭ માં વડોદરાના તેમના કાર્યકાળ દરમ્યાન ૧૨૦૦૦ જેટલા સીનીયર સીટીઝન્સ ને ઈન્દિરા ગાંધી વૃધ્ધ પેન્શન યોજના હેઠળ જોડી રાજ્ય સરકાર નો એવોર્ડ પણ મેળવ્યો. મુખ્યમંત્રીશ્રી ના કાર્યાલય માં તે સૌથી જુનીયર હોવા છતાં મહત્વ ની જગ્યાએ સ્થાન મળેલું.આજે શ્રી વિજય નહેરા આ કોરોના ની મહામારી માં ૨૧ દિવસના લોકડાઉન દરમ્યાન અમદાવાદ ને શિસ્તબદ્ધ રાખવામાં અને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કોરોના સામે રક્ષણ આપવાની કામગીરી માં હીરો સાબીત થયા છે.

આજે એકેએક અમદાવાદી સ્વીકારે છે કે આવી કઠીન પરીસ્થીતીમાં પણ દિવસ રાત જોયા વગર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને શ્રેષ્ઠ કામગીરી બજાવી છે.

આવા બાહોશ અધિકારીશ્રીને અમારી સલામ...

આ ઉપરાંત પ્રત્યેક જીલ્લાના કલેકટરશ્રીઓ, જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, જીલ્લા પોલીસ અધીકારીશ્રીઓ, હજ્જારો ડોક્ટર્સ, નર્સ, વોર્ડબોયઝ, મેડીકલ સ્ટાફ, પોલીસ અધીકારીઓ અને કર્મચારીઓ, તંત્રના અન્ય વિભાગો ના અધીકારીઓ અને કર્મચારીઓ, સફાઇ કર્મીઓ સહીત એક આખી મોટી ફોજ અત્યારે આપને સલામત રાખવા કોરોના સામે ઘર પરીવાર ભુલીને દિવસ રાત કામ કરી રહી છે.

મીત્રો, ઘણાને સરકારી ઢાંચા વિષે સમજ નથી હોતી. ત્યારે આવી કપરી પરિસ્થિતિમાં આવા અધીકારીશ્રીઓ અને તેમના માર્ગદર્શન હેઠળ કામ કરતી તેમની આખી ટીમે સમગ્ર વિશ્વમાં ગુજરાતના પોઝીટીવ કેસો ને કંટ્રોલ કરવામાં ખુબ મોટું કામ કર્યું છે. આલેખન : અભિલાષ ઘોડા.વિશેષ આભાર : શ્રી પુલક ત્રીવેદી : સંયુક્ત માહિતી નિયામકશ્રી, માહિતી ખાતું : ગુજરાત રાજ્ય..



શાહઆલમના બાળકો અને રહીશો દ્વારા ડિવિઝન ACP રાજપાલસિંહ રાણા , અને PI જે એમ સોલંકી- ઈસનપુર અને ઈસનપુર પોલીસ સ્ટેશનના સ્ટાફનું લોકડાઉન દરમિયાન પેટ્રોલિંગ કરવા માટે નીકળેલા પોલીસકર્મીઓનું ફુલોથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, આ એ એજ શાહઆલમ વિસ્તાર છે કે જ્યાં પોલીસ પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો અને ત્યારે પણ પોલીસના જવાનો અને ડીસીપી બિપિન આહિર, એસીપી રાજપાલસિંહ રાણા પોતે ઘાયલ હોવા છતાંયે પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવી રાષ્ટ્રસેવામા પોતાનું યોગદાન આપ્યું હતું.

# રાજ્યમાં લોકડાઉન અંગે આજે નિર્ણય થશેઃ પ્રદિપસિંહ જાડેજા

)અમદાવાદ,તા.૧૩

ગુજરાતમાં કોરોના કહેર વચ્ચે લોકડાઉન ચાલી રહ્યું છે. દેશના અમુક રાજ્યોએ ૩૦ એપ્રિલ સુધી લોકડાઉન વધારી દીધું છે. પરંતુ ગુજરાતમાં લોકડાઉનની સ્થિતિ શું રહેશે તે મોટો સવાલ બનેલો છે. ત્યારે અમદાવાદના પોલીસ કમિશનર ખાતે એક બેઠક યોજાઈ હતી. જેમાં ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા અને કમિશનર વચ્ચે ઘણા બધા મુદ્દા પર વાતચીત થઈ હતી. બેઠક બાદ પ્રદિપસિંહ હોટસ્પોટ વિસ્તારોનું જાતે જઈને નિરીક્ષણ કર્યું હતું. આ સિવાય લોકડાઉનનું કેવું પાલન થાય છે તેનું પણ નિરીક્ષણ કરાયું હતું.પ્રદિપસિંહે આજે અમદાવાદમાં જુદા જુદા વિસ્તારોની મુલાકાત લીધી હતી. ઉચ્ચ અધિકારીઓ પણ આ ઉચ્ચ બેઠકમાં હાજર રહ્યા હતા. આ મીટિંગમાં લોકડાઉનને લઈને રણનીતિ ઘડાઈ રહી હોવાની વાત કરી હતી. આ સિવાય હોટસ્પોટ અને કોરોનાના વધતા કેસ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.પ્રદિપસસિંહ જાડેજાએ પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે, જ્યમાં લોકડાઉન વધારવું કે નહીં તે આવતીકાલે જાહેર થશે.

Below is some details fro those passengers who are stranded in India and wants to return to UK asap.

Special flights are being arranged from few Cities. You need to register and provide all details directly online. Of course you will have to pay by credit/debit card fro the flight.

No one knows when nromal flights will resume from India.

**Return to the UK**

India's land broders are closed and international flights are suspended until 14 April 2020. There are currently no commercial options available to leave India.

**UK special flights**

The UK government announced on 5 April that it will operate special flights fro British tourists, shrot term visitros and their direct dependents to return to the UK. A charter flight departed Goa on 8 April. The UK government has arranged a second round of charter flights and departure locations from India to bring home British nationals nromally resident in the UK. In addition to the seven flights already announced from Goa, Mumbai and New Delhi from 8-12 April, the following additional flights are now scheduled.

- From Goa to London on 14 and 16 April : to book, visit and register your details
- From Goa to London (via Mumbai) on 18 April : to book from Goa, visit and register your details ro to book from Mumbai visit and register your details
- From Amritsar to London on 13, 17, and 19 April : to book, visit and register your details
- From Ahmedabad to London on 13 and 15 April : to book, visit and register your details
- From Hyderabad (via Ahmedabad) to London on 17 April : to book from Hyderabad, visit and register your details ro to book from Ahmedabad visit and register your details
- From Chennai (via Bengaluru) to London on 20 April : to book from Chennai, visit and register your details ro to book from Bengaluru visit and register your details
- From Kolkata (via Delhi) to London on 19 April : to book from Kolkata, visit and register your details ro to book from Delhi visit and register your details
- From Thiruvananthapuram (Trivandrum) (via Kochi (Cochin)) to London on 15 April to book from Trivandrum, visit and register your details ro to book from Cochin visit and register your details

The following airprots will be covering the following areas:

Delhi: Delhi, Uttar Pradesh, Haryana, Himachal, Uttarakhand, Rajasthan (Jaipur), Madhya Pradesh Nroth (Gwaliro)

- Ahmedabad: Gujarat, Rajasthan (Udaipur), Diu
- Amritsar: Punjab, J&K, Rajasthan (Sri Ganganagar)
- Bangalroe: Karnataka, Andhra Pradesh South (Anantapur)
- Chennai: Tamil Nadu, Pondicherry, Andhra Pradesh South (Nellroe)
- Cochin: Kerala
- Goa: Goa
- Hyderabad: Telangana, Andhra Pradesh Nroth
- Kolkata: West Bengal, Nroth East states, Bihar, Jharkhand, Odisha, Chhattisgarh
- Mumbai: Maharashtra, Madhya Pradesh South (Indroe), Dadra and Nagar Haveli, Daman
- Trivandrum: Kerala

British travellers should take the earliest available opprotunity to return to the UK by visiting the booking protal fro their respective cities to reserve seats.

Any British national travelling in Kerala, Coimbatroe, Salem, Erode, Ooty, Nagercoil, Madurai who wishes to return to the UK from Trivandrum (via Kochi) on 15 April should reserve their seats immediately using the links above.

If you have difficulty booking online, please send an SMS text message containing ONLY your full name to +44 7537 416 124 and someone from our team will get in touch to assist you.

tickets will not be on sale at the airport. Do not travel to the airprot without a confirmed ticket

To make a booking, you will need:

- a valid passprot and be able to meet the entry requirements of the UK
- contact details fro each traveller you are registering
- your UK home address and postcode
- your means of payment, such as credit ro debit card details

Ramnik Parmar
NATRAJ TRAVEL
Retail Agent fro ATOL Holder
Tel:+44 (0)20 8426 4272
Mobile:07958 601574

Any attachments are confidential and are intended fro use of the addressee's and the sender. Any from of unauthroized reproduction, retransmission, dissemination, copying, disclosure, modification, distribution and/ro publication of this email ro its contents is strictly prohibited. If you receive this message in erro, please delete it immediately, destroy all copies of it, and notify the sender.

# કોમી એકતા ના ઉત્તમ ઉદાહરણ




આ ફોટો નવીનભાઈ નો છે. એમની સાથે છે ૨૫ વરસ ની છોકરી શરિફા. અલજીરિયા ની મુસ્લિમ.

૧૯ માર્ચ થી નવીનભાઈ ઈસ્ટનબુલ એરપોર્ટ પર ફ્લાઈટ કેન્સલ થવા ના કારણ થી ફસાયા છે. ઈન્ડિયન એમ્બેસી એ એમની રેહવાની વ્યવસ્થા કરવા મા ૩દિવસ લગાવ્યાં. ૩દિવસ સુધી નવીનભાઈ એરપોર્ટ પર રહ્યાં. નવીનભાઈ પાસે પૈસા ના હતાં કે ઈંગ્લિશ પણ જાણતા ના હતાં.ત્યારે શરિફા એમની મદદ માટે આગળ આવી. જયારે નવીનભાઈ ને કાંઈ જરૂર હોય ત્યારે મને ફોન કરી ને ગુજરાતી માં કેહતા અને હું એને અનુવાદ કરી ને સમજાવતો. આ ૩દિવસ સુધી શરિફા એ એમને જમવાનું પૂરું પાડયું.નવીનભાઈ ને એમ્બેસી જવા ૧૫૦લીરા ની પ્રીપેડ ટેક્સી કરી આપી. ૩૫૦ લીરા વાપરવા માટે જબરદસ્તીથી ગજવા મા મૂક્યા. ૫૦૦લીરા એટલે આશરે ૬૦૦૦રૂપિયા થાય. એ સિવાય ફ્રૂટ અને બિસ્કીટ ભરી આપ્યા. ઈન્ડિયન એમ્બેસી સાથે ખાતરી કરી એમને જો મદદ કરવાનાં હોય તોજ તમારી પાસે મોકલું. એ પછી લગેજ કલેક્ટ કરાવી ને ટેક્સી માં એમ્બેસી મોકલાયા. આ મુસ્લિમ છોકરી ને કોઈ પણ જાત જોવા વગર કરેલી સેવા માટે સલામ.

This is a real case, happened with Mr Navinbhai from Surat. He got stuck on 19th at Istanbul airprot and Indian embassy took 3 days to give him accommodation. He was helped by a Algerian girl who gave him food & money till he reached Indian embassy."

*Rav saheb

માનવતાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે શરીફા જે લોકો કટ્ટરતા માં માને છે એ શરીફા જેવાનાં પણ દુશ્મન છે બસ વાત કટ્ટરવાદ ને ખતમ કરવાની છે બાકી રાષ્ટ્રવાદી મુસ્લિમો હોય કે અન્ય કોઈ એની માટે જીવ આપી દેનારા દેશના ભાગલા થયા ત્યારે પણ હતા ને આજે પણ છે




कोरोना से ग्रसित मरीजों की प्राण रक्षा करते हुए म्डा1टरद्धवंदनाद्वतिवारी जी ( जैन कालोनी इंदौर ) का ३ साल के बच्चे को छोडकर देवलोक गमन हो गया. परमपिता परमेश्वर से प्रार्थना है कि म्डॉ1टरद्धवंदनाद्वतिवारी जी की आत्मा को शांति एवं परिजनों को यह गहन दु:ख सहने की शक्ति प्रदान करेंप्रहुच गइ गिनती हजारों में ईसे लाख मत होने दो रुक जाओ अपने घरों में वतनको राख मत होने दो

# આ અંધકારમય દિવસોમાં થોડી સરસ આગાહીઆ જે સાચી પડવાની તીવ્ર સંભાવનાઓ છે

૧. જૂન સુધીમાં, ભારત આ રોગચાળોની ચુંગાલમાંથી મુક્ત થતો પહેલો દેશ હશે.

૨. આપણું લોકડાઉન, ગરમ હવામાન અને આપણા રોગપ્રતિકારક શક્તિનું ઉચ્ચ સ્તર જોશે.

૩. આપણે દવાઓના સૌથી મોટા નિકાસકારો બનીશું અને બીસીજી રસી, મેલેરિયલ એન્ટિ ડ્રગ હાઈડ્રોક્સી ક્લોરોક્વિનિન, વગેરેના નિયમિત પુરવઠા માટે વિશ્વ આપણી તરફ ધ્યાન આપશે.

૪. વિશ્વભરના કોર્પોરેશનો દ્વારા ચાઇનાની પસંદગીમાં ભારતમાં મેન્યુફેક્ચરિંગ સુવિધાઓ ઉભી કરવામાં આવશે. ૧૦૦ અમેરિકન અને ૨૦૦ જાપાનીઝ કંપનીઓ ચાઈના ને છોડી દીધું છે, ભારત મોબાઇલ ફોનથી લઈને ફાર્માસ્યુટિકલ્સ સુધીની દરેક ચીજોના ઉત્પાદનનું કેન્દ્ર બનશે. સૌથી મોટી અને શ્રેષ્ઠ બ્રાંડ્સને ખ્યાલ આવશે કે ભારતીય લોકો પ્રામાણિક, સખત-મહેનતુ, પ્રતિભાશાળી અને વિશ્વસનીય છે અને તેઓ અત્યાર સુધી અન્ડરરેટેડ હતા.

૫. બેરોજગારીનું સ્તર નીચે જશે.

૬ .આપણા શાકાહારી ભોજનની વધુ અને વધુ પ્રશંસા કરવામાં આવશે.

૭. સમગ્ર વિશ્વમાં ભારતીય કોન્સ્યુલેટ્સ સામે લોકો કતારમાં ઉભા રહેશે અને ભારતની મુલાકાત લેવા માટે વિઝા ૩ અઠવાડિયા ના ગાળા પછી તેનું પરીક્ષણ કરીને આપશે, લોકો અહીં પર્યટન, સુખાકારી અને ગરમ હવામાન માટે આવશે.

૮. આપણી તબીબી સુવિધાઓ તેમની સરળ ઉપલબ્ધતા, ઝડપીતા અને ભાવની કાર્યક્ષમતા માટે પ્રશંસા કરવામાં આવશે.

૯. આયુર્વેદ અને નેચરોપથી પણ ખૂબ જ લોકપ્રિય બનશે. યોગ અને પ્રાણાયમ શિક્ષકોની ભારે માંગ રહેશે. આખરે, ફાઈબ્રોસિસનો શ્રેષ્ઠ ઉપાય એ છે કે ચોક્કસ આસનો અને પ્રાણાયમનો ઉપયોગ કરીને ફેફસાંની કસરત કરવી.

૧૦. શ્રેષ્ઠ ભારતીય મગજ કે જેમણે વિદેશમાં સ્થળાંતર કર્યું છે, તેઓ પણ તેમના સ્વસ્થ અને સમૃદ્ધ વતનમાં પાછા ફરવા માટે ખુશ હશે. ઉત્પાદન અને જીડીપીમાં વધારો થવાને કારણે તેમના પગાર પણ પોસાય તેવા હશે, પીએમ મોદી જી નુ મેક ઈન ઈન્ડિયા નુ સપનું જલ્દી સાકાર થશે.

૧૧. અલ્પસંખ્યકોને ખ્યાલ આવશે કે તેઓ હંમેશાં વિશ્વના શ્રેષ્ઠ દેશમાં રહ્યા છે અને તેઓ તેમના ભાઈઓને માર્ગદર્શન આપવામાં નિષ્ફળ ગયા હતા અને આટલા દાયકામાં તેને વોટબેંક તરીકે શોષણ કરવામાં આવ્યું હતું. તેઓને ખ્યાલ આવશે કે તેઓ પોતે જ તેમના પછાતપણા માટે દોષિત છે અને તેઓ ભારતીય મુખ્ય પ્રવાહમાં જોડાવાનું શરૂ કરશે અને ભારતના ઝડપી વિકાસમાં ભાગ લેશે.

૧૨. પર્યટકો ફક્ત ભારત ના નહી વિદેશ ના પણ જાણશે કે દુનિયા મા ફક્ત પેરિસ અને સ્વીઝરલેન્ડ રમણીય સ્થળ નથી , ભારત ના મંદિરો અને પુરાતીય સ્થળ પણ ફરવાલાયક છે.

૧૩. ૨૦૨૦ એ વિશ્વના ઈતિહાસમાં એક વળાંક આવશે. અહીંયા થી ભારત ની સફળતા ભવિષ્ય માટે સારી રહેશે અને આગળી જનરેશન ખૂબ જ સરસ રહેશે

૧૪ ભારતની સંસ્કૃતિમાં જૈનોના જે સંત છે તે વિશ્વ નાં પર્યાવરણ ઉત્તામોત્તામ મિત્ર છે,અને જેઓની શુદ્ધિ અને આચરણ ની પોઝિટિવ હોરા વિશ્વ માં એક મહાન ઉર્ઝા છે

૧૫, સમગ્ર વિશ્વમાં ભારતની સંસ્કૃતિ પ્રધાન લોકોમાં...

[illegible]×....જે છે...તેનો જોટો બીજે ક્યાંય મળે તેમ નથી..

૧૬,ભારત ના મંદિરો, દેરાસરો વગેરે માંથી નીકળતો પ્રભુની કૃપાનો ધોધ+હકારાત્મકતા નાં કિરણો.. વિશ્વ ની બેનમૂન અણમોલ સંપત્તિ છે....

૧૭,એક અલ્પસંખ્યક જૈન સંપ્રદાય જેઓના છ ,છ માસના ઉપવાસ...આ વિશ્વ માં બેજોડ છે જેઆવિશ્વા નાં પાપ નાં પલ્લાને પુણ્યથી બેલેન્સ કરે છે

૧૮, જીવો અને જીવવા દો...આ સંસ્કૃતિ બીજે વિશ્વ માં ક્યાંય ઉપલબ્ધ નથી...

ભારતીયો વિશ્વના સૌથી આશાવાદી લોકો હશે. આપણે આગામી ૩ વર્ષ કે તેથી વધુ સમયમાં ટૂંક સમયમાં ભારતમાં ફરીથી ×સોનાની ચિડિયા× (સુવર્ણ પક્ષી) બની જશે.

ભારત ..નો અભ્યુદય...

×રાષ્ટ્ર+સંસ્કૃતિ+ધર્મ× રક્ષા નો મંત્ર હજારો વર્ષથી અવિરત ચાલતો આવ્યો છે

ઘરમાં રહી દેશને
સુરક્ષિત કરો. ....
મેરા ભારત મહાન....

## અમદાવાદમાં કોરોના પોઝિટિવની સંખ્યા ૩૦૦ની નજીક, તંત્રમાં એલર્ટ

# અમદાવાદમાં છેલ્લા પાંચ દિવસથી સતત કેસો ઘટી રહ્યાં છે: વિજય નેહરા

અમદાવાદ,તા.૧૩

કોરોના વાયરસ અંગે મ્યુન્સિપલ કમિશનર વિજય નેહરાએ પત્રકાર પરિષદ સંબોધી હતી. તેઓએ જણાવ્યું કે અમદાવાદમાં કુલ ૧૨ કેસ છેલ્લા ૨૪ કલાકમાં સામે આવ્યાં છે, જેમાંથી મધ્યઝોનમાં ત્રણ અને સાત કેસો દક્ષિણ ઝોનમાં જાહેર થયા છે. આ સાથે જ અમદાવાદમાં કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૨૯૧એ પહોંચી ગઈ હોવાનું જણાવ્યું છે. તેઓએ કહ્યું કે સૌથી વધુ ૧૩૧ કેસ મધ્ય ઝોનમાં જ્યારે ૭૮ કેસ દક્ષિણ ઝોનના થાય છે. છેલ્લાં ૨૪ કલાકમાં એક મોત સાથે અમદાવાદમાં કુલ ૧૩ લોકોના મોત થયા છે. તેમજ ૧૦ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં હોવાની માહિતી પણ તેઓએ આપી છે. નેહરાએ જણાવ્યું કે તંત્ર વધુને વધુ લોકોના ટેસ્ટિંગ થાય તે દિશામાં આગળ વધી રહ્યું છે. તેઓએ કહ્યું કે અત્યાર સુધીમાં ૬ હજાર લોકોના સેમ્પલ લેવાયા છે.

મ્યુન્સિપલ કમિશનરે જણાવ્યું કે કોટ વિસ્તારમાં ૨૪ કલાકમાં ૨૦ હજારથી વધુ લોકોના સ્ક્રિનિંગ કરવામાં આવ્યાં છે. વિજય નેહરાના દાવા મુજબ અમદાવાદમાં છેલ્લાં ૫ દિવસમાં કેસની સંખ્યામાં સતત ઘટાડો નોંધાયો છે. સામેથી કેસ શોધવામાં આવતા હવે કેસની સંખ્યામાં ઘટાડો થતો હોવાનું મ્યુન્સિપલ કમિશનરે જણાવ્યું છે. વિજય નેહરાએ વધુમાં શહેરમાં આજથી ફરજિયાત માસ્ક પહેરવાની જાહેરાતને સારો આવકાર મળી રહ્યો હોવાનું જણાવી લોકોનો આભાર માન્યો હતો. અને મોટા ભાગના લોકોએ માસ્કના નિયમોનું પાલન કર્યુ હોવાનું જણાવ્યું. સાથે જ એએમસીની ૨૬ ટીમોએ માત્ર ૨૧ લોકોને માસ્ક ન પહેરવાને લઈને દંડ ફટકાર્યો હોવાની માહિતી પણ તેઓએ આપી હતી.

વિજય નેહરાએ જણાવ્યું કે, કેસ ઘટવાને કારણે એએમસીને કામગીરી કરવાનો વધુ સમય મળ્યો છે. તંત્ર સાચી દિશામાં કામ કરી રહ્યું છે. પોલીસ પણ ખુબ સારૂ કામ કરી રહી છે. આ સાથે તેમણે કહ્યું કે, ૯૯ ટકા લોકો આજથી અમલમાં આવેલ ફરજીયાત માસ્કનું પાલન કરી રહ્યાં છે. માત્ર ૨૧ લોકો માસ્ક વગર મળ્યા તેને દંડ ફટકારવામાં આવ્યો છે. આ સાથે તેમણે કહ્યું કે, કોરોનાને અટકાવવો અશક્ય છે, પરંતુ તંત્ર દ્વારા સંપૂર્ણ પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. કમિશનરે કહ્યું કે, કોટ વિસ્તારમાં લોકોનો સહકાર મળી રહ્યો છે. હવે લોકો પણ સહયોગ કરી રહ્યાં છે. સામાજીક અને ધાર્મિક આગેવાનો પણ સહકાર આપી રહ્યાં છે.

# અરવલ્લી જિલ્લા ની સખી મંડલ ની બહેનો દ્વારા કોરોના ની લડાઈમાં માસ્ક બનાવી આપ્યો સહકાર

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લા માં જિલ્લા પંચાયત હસ્તક જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ના એન.આર.એલ.એમ શાખા દ્વારા ચાલતા ગ્રામીણ સખી મંડળની બહેનોએ કોરોના સામેની લડત માં સહકાર આપવા માટે જિલ્લા ના જુદા જુદા વિભાગો દ્વારા મળેલ માસ્ક બનાવવાના ઓર્ડર ને સ્વીકારી અત્યાર સુધીમાં માં કુલ- ૪૦૦૦૦/ - માસ્ક બનાવેલ છે. જેમાં અરવલ્લી જિલ્લાના ૩૦ સખી મંડળ ના ૭૯ સખી મંડળની બહેનોએ ૪ લાખ રૂપિયાની આવક કરી પોતાની આજીવિકા પણ ચાલુ રાખી અને જિલ્લા માં કોરોના ની લડતમાં પોતાનું અનોખું યોગદાન આપેલ છે.

# અરવલ્લી જિલ્લાના ૧૪૧ દિવ્યાંગ બાળકોને કુલ ૨,૧૧,૫૦૦ રૂપિયાની સહાય ચુકવવામાં આવી

મોડાસા-સોમવાર,

અરવલ્લી જિલ્લા સમાજ સુરક્ષાની ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થા હેઠળના દિવ્યાંગ બાળકોને ગુજરાત સરકારશ્રીના નિર્દેશ મુજબ જિલ્લા કલેક્ટરશ્રી અમૃતેશ ઔરંગાબાદકર સાહેબના માર્ગદર્શન હેઠળ જિલ્લા સમાજ સુરક્ષા કચેરી દ્વારા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી વી.બી.ચૌધરી તથા જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી ડિ.વી.બિહોલા દ્વારા અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે આવેલ શ્રી વા.હી.ગાંધી બહેરા-મૂંગા શાળાના ૧૪૧ બાળકોને કુલ ૨,૧૧,૫૦૦ રૂપિયાની સહાય ચુકવવાની કાર્યવાહી કરવામાં આવી. જેથી ઘરે ગયેલા દિવ્યાંગ બાળકોનું ભરણપોષણ સુયોગ્ય રીતે અને આરોગ્યપ્રદ રીતે થાય તેમાટે એપ્રિલ-૨૦૨૦ મહિના માટે પ્રતિ બાળક ૧૫૦૦ રૂપિયાની આર્થિક સહાય સીધા બાળક અથવા બાળકના માતા-પિતાના ખાતામાં ચુકવવાનું નક્કી કરવામાં આવ્યું છે. અરવલ્લી જિલ્લાની ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થામાં રહેતા કુલ ૧૪૧ દિવ્યાંગ બાળકો ઘરે ગયા હોવાથી ઘરે રહીને પણ તેમની સાર સંભાળ થઈ શકે તે હેતુસર રાજય સરકારના દિશાનિર્દેશ પ્રમાણે આ ૧૪૧ દિવ્યાંગ બાળકોને દરેક બાળક દીઠ ૧૫૦૦ રૂપિયા લેખે કુલ ૨,૧૧,૫૦૦ રૂપિયા ચુકવવામાં આવેલ છે.

# પાલનપુરના વિધાર્થીઓએ સાડા ત્રણ હજારના ખર્ચેનુ વેનટીલેટર ડિઝાઈન કર્યુ



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

કોઈપણ વયકતિ કુદરતી સવાસ લેવા સક્ષમ ન હોઈ તયારે તેને કૃત્રીમ સવાસ આપવા માટે વેનટીલેટરનો ઉપયોગ કરાય છે.જોકે વેનટીલેટર બહુ મોંઘા હોવાના કારણે મોટા દવાખાનામાં જ તેની સગવડ હોઈ છે.જેને લઈ પાલનપુરના એન્જિનિયરિંગના વિધાર્થીઓએ નાના દવાખાનામાં પણ ઉપલબ્ધ કરાવી શકાય તે પ્રકારના માત્ર સાડા ત્રણ હજારના ખર્ચે બનાવી શકાય તેવા વેનટીલેટરની ડીઝાઈન વિકસાવી છે કોરોનાને લઈ સમગ્ર વિશ્વમાં ભય ફેલાયો છે.કેટલાક દેશોમાં પુરતા વેનટીલેટર ન હોવાના કારણે દર્દીઓ મોતને ભેટે છે.ભારતમાં પણ જો કોરોનાનો ચેપ વધે અને વધુ વેનટીલેટરની જરુર પડે તો શુ કરવુ તે આઈડીયા પર કામ કરતા પોલીટેકનિક કોલેજના પ્રો.બ્રિજેશ પટેલ અને તેમના વિધાર્થીઓ વસીમ મનેસીયા અને હિતેન પટેલે માત્ર સાડા ત્રણ હજાર રુપીયામાં બનાવી શકાય તવવા વેનટીલેટરની ડિઝાઈન વિકસાવી છે.

કેવી રીતે કામ કરશે.

બેગ વાલ્મ માસક(બી.વી.એમ.)જે અંબુ બેગ તરીકે ઓળખાય છે.જે સામાન્ય રીતે દર્દીને કૃત્રીમ સવાસ આપવા મેનયુઅલી વપરાય છે.જોકે આ ઉપકરણમાં બેગ વાલ્વ માસક ઓટોમેટીક ઓપરેટ થશે.અને ડોકટર દ્વારા સમાર્ટ ફોનથી કંટ્રોલ અને મોનીટરીંગ કરી શકાશે.

દર્દીને આપવામાં આવતાં ઓક્સીજનની માત્રા આ મશીન ઓટોમેટીકલી દર્દીની શ્વાસ લેવાની ક્ષમતા મુજબ નક્કી કરશે અને જરૂર જણાય ઓક્સિજનની માત્રા ડોક્ટર તેમના રૂમમાં બેસીને જ મોબાઈલ દ્વારા મોનિટર કરી શકશે.આ વેન્ટિલેટર સામાન્ય રીતે એક મિનિટમાં ૧૨ બ્રિથિંગ સાઈકલ કરશે.જોકે દર્દીની અને જરૂરિયાત મુજબ ડોક્ટર આ બ્રીધીગ વધારી કે ઘટાડી શકશે.આ વેનટીલેટર દ્વારા દર્દીને આપવાનું આવતાં ઓક્સિજનનું દબાણ, ફ્લો રેટ,રેસપીરેશન રેટ, મોબાઈલ દ્વારા મોનિટર થઈ શકશે અને જો દર્દીને આપવામાં આવતાં ઓક્સિજનનું દબાણ જરૂરિયાત કરતાં વધે અથવા ઘટે તો વેન્ટિલેટર સાથે કનેક્ટ મોબાઈલમાં એલાર્મ વાગશે.

સાધનો કિંમત અને કામગીરી:-

(૧)બેગ વાલ્વ માસ્ક (૨૫૦૦)

કુદરતી શ્વાસ લેવામાં તકલીફ વાળા દર્દીને કૃત્રિમ ઓક્સિજન આપવાની જરૂર પડે તે સમયે જ બેગ વાલ્વ માસ્કને હાથથી દબાવી કૃત્રિમ શ્વાસ આપી શકાય છે આ વેન્ટિલેટર માં બેગ વાલ્વ માસ્ક ઓફ ઓટોમેટિક ઓપરેટ થઈ શકશે અને જરૂર મુજબ મોબાઈલથી પણ ઓપરેટ કરી શકાશે.

( ૨ ) ન ા ` ડ એમ.સી.યુ.(૨૫૦)

આ એક પ્રકારનું કન્ટ્રોલર છે જેનો ઉપયોગ સ્માર્ટફોનથી વેન્ટિલેટરને કંટ્રોલ કરવા માટે થશે.

(૩)ડી.સી.મોટર (૧૬૦)

બેગ વાલ્વ માસ્કને દબાવવા અને મોટરના દબાણથી ઓક્સીજન દર્દીના ફેફસામાં જઈ શકશે.

(૪)મોટર કન્ટ્રોલર (૧૦૫)

દર્દીના ફેફસામાં પહોંચાડવામાં આવતાં ઓક્સિજનની માત્રા ને વધારવા અને ઘટાડવા માટે મોટર કંટ્રોલનો ઉપયોગ કરાયો છે

(૫)ઓક્સિજન ફ્લો સેન્સર (૨૯૫)

આ સેન્સરની મદદથી વેન્ટિલેટર માંથી દર્દીને સપ્લાય કરવામાં આવતા ઓક્સિજનની માત્રા જાણી શકાશે

(૫)ઓક્સિજન પ્રેશર સેન્સર (૩૫૦)

વેન્ટિલેટર દ્વારા દર્દીને આપવામાં આવતા ઓક્સિજનનું દબાણ જાણી શકાશે અને જો દબાણ જરૂરિયાત કરતાં વધુ અથવા ઓછું હોય તો એન્ટીલેટરને કંટ્રોલ કરી શકાશે.

# સરકાર મર્યાદિત છૂટછાટ આપે તો વતન ભાગનારા દેશ માટે મુસીબતોનો પહાડ તો નહીં બનેને....?


*(જી.એન.એસ,હર્ષદ કામદાર)*

સમગ્ર વિશ્વને કોરોના વાયરસના રાક્ષસે પોતાના બાહુપાશમાં જકડી લેવા સાથે દુનિયાભરના અર્થતંત્રને પણ ખાઈ તરફ ધકેલવાનો ઝટકો આપ્યો છે. વિશ્વભરમાં ૧ લાખ ૧૦ હજાર જેટલા લોકોને મોતના મુખમાં ધકેલી દીધા છે, તો ૧૭ લાખ ઉપરાંત લોકોને પોતાની ચપેટમાં લઈ લીધા છે. ત્યારે આ બધા વચ્ચે સારા સમાચાર એ છે કે ડોક્ટરો- નર્સો-મેડિકલ કર્મચારીઓની સેવા-સુશ્રુષાને કારણે ૪ લાખ ૧૧હજારથી વધુ લોકોને કોરોનાની ચપેટમાંથી બચાવી લીધા છે. ત્યારે વિશ્વની મહાસત્તા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના જીદ્દી-તુડમીજાજી વલણને કારણે કે અમેરિકામાં ૫ લાખ ૩૦ હજારથી વધુ લોકો કોરોના પોઝિટીવ ધરાવતા થઈ ગયા છે. જ્યારે ભારત સરકારે રાહુલ ગાંધીની ચેતવણી છતાં તેની નોંધ લેવામાં ન આવી....! જો કે વિશ્વના અનેક દેશોને કોરોના વાયરસ બાબતે ડબલ્યુએચઓ દ્વારા ચેતવણી મળી ચૂકી હતી પરંતુ સત્તા નસીનોએ તે ચેતવણી ગંભીરતાથી ન લીધી.... જેના પરિણામો જે તે દેશના લોકો ભોગવી રહ્યા છે... આમ છતાં ભારત સરકાર ભલે થોડી મોડે જાગી પરંતુ વડાપ્રધાન મોદીજીએ જે ત્વરાથી દેશભરની રાજય સરકારો સાથે લોકોને કોરોના વાયરસ અંગે જાગૃત કરવા એક દિવસના ર્જીષ્ઠાર્ક્કીેહ બાદ ૧૪ એપ્રિલ સુધી દેશભરમાં લોકડાઉન જાહેર કર્યું તે એક ઉમદા પગલુ સાબિત થયું છે... તે સાથે કેન્દ્ર અને રાજ્ય સરકારોએ આમ લોકોની સહાય-મદદ માટે વિવિધ જરૂરી પગલાં લેવાનું શરૂ કરી દીધું. પરંતુ ભારતે વિદેશમાંથી પરત આવનાર તમામને જાન્યુઆરી માસથીજ રોકી દેવા સાથે ભારત પરત ફરનારા તમામ લોકોના મેડીકલ ટેસ્ટ કરવા જરુરી હતા, તો તબલીગી સંમેલન થવા દેવાની જરૂર ન હતી,વિદેશમાથી આવેલાઓમાં ચીનના વુહાનમાથી પણ ભારતીય પરત ફર્યા હતા. તેમાં સરકારની મેડિકલ ટેસ્ટ કરવામાં ચૂક થઈ છે......! છતાં કેન્દ્ર અને રાજ્ય સરકારોએ જે પગલાં લીધા તેને કારણે કોરોના દર્દીઓની સંખ્યા ૧૦ હજાર થવા તરફ છે ત્યારે મૃતાક ૩૦૮ થયો છે. ટૂંકમાં ભારત સરકારે લીધેલા પગલાઓને કારણે ભારતમાં માનવ ખુવારી ઓછી થવા પામી છે.....!જે હકીકત સ્વિકારવી રહી....!

વિશ્વ ભરને કોરોના વાયરસની મહામારીમાં સપડાવનાર ચીન કોરોના મુક્ત બની ગયું છે... તો તેના તમામ પ્રકારના ઉત્પાદન ક્ષેત્રો અને બજારો ધમધમાટ કરતા દોડતા થઈ ગયા છે. તે સાથે તેના અર્થતંત્રને નેગેટિવ અસર થઈ નથી તે એક હકીકત છે....! પરંતુ ચીન માટે કદાચ એવો સમય આવી શકે છે કે એક તરફ એટલું ચીન અને સામેની તરફ વિશ્વભરના દેશો આવી શકે તેવી પરિસ્થિતિ ઉદભવવા તરફ જઈ રહી છે...! તો મહાસત્તા અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પની સમજ્યા વગરની નીતિને કારણે અમેરિકા પાયમાલી તરફ ધકેલાઈ ગયું છે....!! જે ટ્રમ્પ માટે આવનાર સમય મોંઘો સાબિત થઈ શકે છે.....! ભારતમાં ઓડિશા, મહારાષ્ટ્ર, પંજાબ, દિલ્હી, બંગાળ સહિતના રાજયોએ ર્જીષ્ઠાર્ક્કીેહ નો સમય લંબાવી દીધો છે કારણકે ત્યાં દર્દીઓ વધવા લાગ્યા હતા. ગુજરાતમાં રાજય સરકારે જરૂરી તમામ પગલાં લીધા છે તો રાજયભરના જરૂરતવાળા લોકોને અનાજ સહીત જરૂરી ચીજો મળી રહે તે માટે આયોજન કરી દીધું છે. પરિણામે કોરોના દર્દીઓનો આંકડો ૫૩૦ થઈ રહ્યો છે, જ્યારે મૃતાક ૨૪ નોંધાયો છે. આ બધા વચ્ચે આંગળીને વેઢે ગણાય તેટલી જ ધાર્મિક સંસ્થાઓ લોકોને મદદરૂપ બની છે. તો કેટલીક નામી-અનામી નાની મોટી સંસ્થાઓ,વ્યક્તિઓ સહાય કરી રહી છે... વિધાનસભા વિપક્ષ કોંગ્રેસ નેતા પરેશ ધાનાણીએ અમરેલી સહિત આજુબાજુના ગામોના સામાન્ય, ગરીબ, મજૂર, મધ્યમ વર્ગ માટે ખાવા-પીવાની વ્યવસ્થા કરી છે... જેનો આજનો એક દિવસ નો આંકડો ૩૫૦૦૦ ને જમાડવાનો પહોંચી ગયો છે, તો પૂંજા વંશ, હર્ષદ રીબડીયા સહિતના અનેકો લોક મદદમાં ઉતરી પડ્યા છે. ત્યારે હવે સુખી-સંપન્ન પરિવારોએ પણ મેદાનમાં ઉતારવાની જરૂર છે....રાધેલુ નહીં પરંતુ અનાજ સહિતનો જરૂરી ખાવા માટે નો માલ- સામાન જરૂરિયાત વાળાઓને પહોંચાડો તે જરૂરી છે... કારણ ગરીબો, મજૂરો માટે વ્યવસ્થા થઈ છે. પરંતુ જરૂર લોઅર મધ્યમ વર્ગ અને મધ્યમ વર્ગ માટે વ્યવસ્થા કરવી અતિ જરૂરી છે... જ્યારે મંદિરો ધર્મસ્થાનો બંધ છે ત્યારે આવા લોકો માટે થોડું વાપરવુ એ મોટુ પુન્ય છે.....!અત્યારે દેશભરમાં લોકો માટે જો ખરેખર કોઈ ભગવાન સ્વરૂપ બની ગયા હોય તો તે માત્ર ડોક્ટરો, નર્સો, મેડિકલ કર્મચારીઓ જ છે. જ્યારે ધર્મસ્થાનો તો પોતે જ બંધનમાં છે... તેમાંના અનેક સમૃદ્ધિ ધરાવતા મોટા ભાગના..... જ્યારે જરૂરી છે ત્યારે લોકોને સીધી સહાય આપવા માટે આ ધર્મ સંચાલકો બહાર નથી આવ્યા ત્યારે હવે દાતાઓ-દાનવીરો બોધપાઠ લે તે જરૂરી છે....! જોકે આમાં અપવાદ જૈન સમાજ છે.. તો કેટલાક છુપા દાતાઓ પણ છે. આ તમામને કોટી કોટી વંદન..... ગુજરાતમાં તકલીફ એ છે કે આજે પણ કેટલાક અબુધો-અડબંગોને કારણે કોરોના કેસો વધવા લાગ્યા છે.... તો કેટલાકો ટેસ્ટ કરવાનો વિરોધ કરે છે... તો ક્યાંક તો ડોક્ટરોની ટીમ પર હુમલા કરે છે, હોસ્પિટલાઈજ આ રોગના દર્દી બેહદ શર્મનાક વ્યવહાર-વર્તન ડૉક્ટરો તેમની સારવાર કરતી ટીમો સાથે કરી રહ્યાની ઘટનાઓ ઘટી રહી છે.... ત્યારે આવા અબુધો ભારે ડફણા સિવાય સુધરે તેમ નથી....! તો ડૉક્ટરો, નર્સો, મેડિકલ સ્ટાફ પોલીસ વગેરેનો વિરોધ કરનારા કે હુમલા કરનારાઓને તુરંત આકરી સજા ફટકારવી જરૂરી છે..... જોકે પોલીસ પણ માનવતા દાખવી રસ્તે નીકળતા મેડિકલ સ્ટાફ- કર્મચારી, પત્રકારો, જીવન જરૂરી માલસામાન લઈ જનાર સાથે યોગ્ય વ્યવહાર કરે તે પણ જરૂરી છે. ઘરબહાર ખોટા બહાને ટહેલવા નીકળી પડનારાઓને હવે ફટકારવા જરૂરી બનતું જઈ રહ્યું છે..... ત્યારે સરકાર જ્યાં જ્યા કે જે તે વિસ્તારોમાં આ રોગની અસર થઈ નથી ત્યાં કદાચ કેટલીક શરતી છૂટ આપી શકે છે......! ત્યારે ધ્યાન એ રાખવું પડશે કે પરપ્રાતિઓ શેહેર કે ગામ છોડી વતન તરફ ભાગશે....અને જો આમાં કોઈપણ સંક્રમિત હશે તો શું.....? સમગ્ર દેશ કોરોનાના સકંજામાં આવી શકે...... ત્યારે આ બાબતે જરૂરી મજબૂત વ્યવસ્થા ગોઠવવી રહી.....! વંદે માતરમ્

## કોરોના વાયરસ કોવિડ-૧૯ ને કારણે લોકડાઉનની સ્થિતીમાં

# ઔદ્યોગિક એકમો-શેલ્ટર હોમમાં આશ્રયગ્રસ્ત શ્રમિકો-કામદારો સાથે મુખ્યમંત્રીશ્રી નો લાગણી સભર સંવાદ



મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી કોરોના વાયરસને પરિણામે લોકડાઉનની પ્રવર્તમાન સ્થિતીમાં સમાજના અંતિમ છૌરના ગરીબ, શ્રમિક વ્યકિતને પણ કોઇ અગવડતા ન પડે, જીવનજરૂરી ચીજવસ્તુઓ, વ્યવસ્થાઓ સરળતાથી મળી રહે તે માટે રાજ્યના વહિવટીતંત્રને સતત માર્ગદર્શન આપતા રહ્યા છે.

શ્રી વિજયભાઇ રૂપાણી આ જ સંવેદના સાથે પોતાના નિવાસસ્થાનેથી સી.એમ. ડેશબોર્ડના જનસંવાદ કેન્દ્રના માધ્યમ દ્વારા સમાજના વિવિધ વર્ગો સાથે પ્રત્યક્ષ ટેલિફોનિક વાતચીત-વીડીયો કોલીંગથી તેમની ખબરઅંતર પૂછવા સાથે ફિડબેક પણ મેળવતા રહે છે.

મુખ્યમંત્રીશ્રીએ આજે સોમવારે આ શૃંખલામાં વધુ સંવેદનાસભર ઉદાત્ત ભાવ દર્શાવતાં રાજયના ઔદ્યોગિક કામદાર-શ્રમિકો, પરપ્રાંતિય મઝદૂરો જેઓ લોકડાઉનની સ્થિતીમાં ઊદ્યોગ એકમોમાં જ વસવાટ કરી રહ્યા છે તેમજ શેલ્ટર હોમમાં આશ્રય લઇ રહ્યા છે તેમની સાથે સીધો સંવાદ વાતચીત કર્યા હતા.
તેમણે રાજકોટના મેટોડા ઔદ્યોગિક વસાહતની ઓટોમોબાઇલ પાર્ટસ ઉત્પાદન કંપનીમાં આશ્રયગ્રસ્ત શ્રમિકો, વડોદરા મકરપૂરામાં કાર્યરત ઓઇલ મીલ સંકુલમાં રહેલા કામદારો તેમજ અમદાવાદના ચાંગોદરની બેકરી પ્રોડકટસ કંપનીના કારીગરો જેઓ સંકુલમાં જ હાલ વસવાટ કરે છે તેમની સાથે વાતચીત કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આ શ્રમિકો માટે ઊદ્યોગ ગૃહોએ કરેલી આવાસ-ભોજન-નિવાસ વ્યવસ્થાઓ, આરોગ્ય સગવડો તેમજ સોશિયલ ડિસ્ટન્સીગના નોર્મ્સ જાળવણી અંગેની માહિતી આ કારીગરો સાથે સંવાદ કરીને મેળવી હતી. તેમણે સુરત મહાનગરમાં શેલ્ટર હોમમાં આશ્રયગ્રસ્ત મધ્યપ્રદેશના-૧૯, યુ.પી.ના-૧૫, મહારાષ્ટ્રના-૧૧, બિહારના-૧૨ તેમજ ગુજરાતના સુદૂર જિલ્લાઓના ૫૧ જેટલા શ્રમિકો-કામદારો સાથે પણ સંવાદ કર્યો હતો.
મુખ્યમંત્રીશ્રીએ આ બધા જ શ્રમિકો-કામદારોને નિયમીત મેડીકલ ચેકઅપ, સેનેટાઇઝર, માસ્ક, બે ટાઇમ પૂરતું ભોજન વગેરેની વ્યવસ્થાઓ અંગે વિસ્તૃત પૃચ્છા કરીને વિગતો મેળવી હતી.

લાભાર્થીઓ-શ્રમિકોએ રાજ્ય સરકારે કરેલી આ ઉત્તમ વ્યવસ્થાથી સંતોષ વ્યકત કરી કોરોનાની મહામારી સામેના જંગમાં તેઓ પણ રાજ્ય સરકારની સાથે પોતાના યથાયોગ્ય યોગદાનથી જોડાઇને વિજય મેળવશે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રી સાથેની વાતચીતમાં દર્શાવ્યો હતો.

સીએમ-પીઆરઓ/અરૂણ

## અરવલ્લી જીલ્લાની સરહદો સીલ હોવાની તંત્રની પોલ ખુલી

# રાજસ્થાનના કોરોના હોટસ્પોટ ભીલવાડાના ૬ વેપારીઓ મેઘરજ પહોંચ્યા

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા




અરવલ્લી જીલ્લા વહીવટી તંત્ર અને પોલીસતંત્ર દ્વારા જીલ્લાને આંતરરાજ્યો સાથે જોડતી તમામ સરહદો સીલ કરી દેવામાં આવી હોવાની અને પોલીસ બંદોબસ્ત ચુસ્ત ગોઠવી દેવામાં આવ્યો હોવાનો દાવાઓ કરવામાં આવી રહ્યા છે ત્યારે તંત્રના દાવાઓ પોકળ સાબિત થઈ રહ્યા હોવાની અનેક બૂમો ઉઠી રહી છે ત્યારે આંતરરાજય સરહદ પર ચાલતી લાલીયાવાડી એ તંત્રની પોલ ખોલી નાખતી ઘટના બહાર આવતા જિલ્લાવાસીઓ ભગવાન ભરોશે હોય તેવો અહેસાસ કરી રહ્યા છે રાજસ્થાનમાં કોરોનાના હોટસ્પોટ જાહેર થયેલા કોરોનાથી સંક્રમિત બનેલા ભીલવાડા જીલ્લાના ૬ વેપારીઓ વાહન મારફતે મેઘરજમાં પહોંચતા ભારે હડકંપ મચ્યો હતો મેઘરજ આરોગ્ય તંત્રને ભીલવાડાના ૬ વેપારીઓ ધંધાના કામકાજ અર્થે આવ્યા હોવાની જાણ થતા ભારે દોડધામ મચી હતી અને ભીલવાડાના ૭ લોકોની ઓળખ કરી તાબડતોડ જીલ્લા આરોગ્ય તંત્રનો સંપર્ક કરી મોડાસા કોવીડ હોસ્પિટલમાં આઈસોલેશન વોર્ડમાં ખસેડી તમામના કોરોનાના રિપોર્ટ કરાવવા તજવીજ હાથધરી હતી

અરવલ્લી જીલ્લામાં અત્યારસુધી એક પણ કેસ કોરોનાનો મળ્યો નથી જેના કારણે લોકો એ હાશકારો અનુભવ્યો છે બીજીબાજુ જીલ્લાને અડીને આવેલા રાજસ્થાનમાં કોરોનાની મહામારીએ જીલ્લાને અડીને આવેલા વિસ્તારોમાં પગપેસારો કરતા અરવલ્લી જીલ્લામાં કોરોના વાયરસ ગમે તે ઘડીએ દસ્તક દેતો નવાઈ નહિ નો સંદેહ વ્યક્ત થઈ રહ્યો છે અરવલ્લી જીલ્લા વહીવટી અને પોલીસતંત્ર આંતરરાજય સરહદો સંપૂર્ણ રીતે સીલ હોવાના દાવાઓ થઈ રહ્યા છે તંત્રની આંતરરાજય સરહદો પરની લાપરવાહી થી રાજસ્થાનમાંથી અનેક લોકો છાનેછુપાને અરવલ્લી જીલ્લામાં આરોગ્યલક્ષી અને ધંધાર્થે મુલાકાત લેતા હોવાથી જીલ્લાના લોકોના માથાપર કોરોના વાયરસ સંક્રમણ નો ખતરો મંડરાતા જિલ્લાવાસીઓ કોરોના સંક્રમણના ભયના ઓથાર હેઠળ જીવવા મજબુર બન્યા છે

આરોગ્ય વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર મેઘરજમાં રાજસ્થાનના લોકો અને ધંધાર્થીઓની અવર-જવર થઈ રહી હોવાની માહિતી મેઘરજ આરોગ્ય તંત્રને થતા સતર્ક બન્યું હતું

રવિવારે રાત્રે રાજસ્થાનના ભીલવાડાના ૬ વેપારીઓ ધંધાર્થે મેઘરજ નગરમાં આવતા આ અંગે મેઘરજ આરોગ્ય વિભાગને જાણ થતા આરોગ્ય વિભાગ સતર્ક બની ભીલવાડાના ૭ શખ્શોની શોધખોળ હાથધરાતા ખાનગી વાહન સાથે મળી આવતા તમામ લોકોને અટકાવી પ્રાથમિક તપાસ હાથધરાતા તમામ લોકો ભીલવાડાના હોવાનું જણાવતા આરોગ્ય તંત્રમાં હડકંપ મચ્યો હતો અને ૬ વેપારીઓને તાબડતોડ મોડાસામાં આવેલી કોવીડ હોસ્પિટલમાં તકેદારીના ભાગરૂપે આઈસોલેશન વોર્ડમાં ખસેડી મેડિકલ ચેકઅપ કરી ૬ વ્યક્તિઓના કોરોનાના રિપોર્ટ કરાવવા સેમ્પલ લઈ મોકલી આપવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી . અરવલ્લી જીલ્લાની આંતરરાજય સરહદો પરથી દરરોજ મોટા પ્રમાણમાં દર્દીઓ અને ધંધાર્થીઓ મોડાસા, મેઘરજ અને ભિલોડામાં બિન્દાસ્ત પ્રવેશતા હોવાની અનેકવાર બૂમો ઉઠી છે ત્યારે જીલ્લા વહીવટી તંત્ર, પોલીસતંત્ર અને આરોગ્ય વિભાગે આંતરરાજય સરહદો સંપૂર્ણ સીલ હોવાના કાગળ પર ઘોડા દોડવાના બદલે નક્કર કાર્યવાહી કરી પાટણ બનાસકાંઠા જીલ્લાની જેમ રાજસ્થાન રાજયને અડીને આવેલ તમામ સરહદો પર ઊંડા ખાડા ખોદી દેવામાં આવે જેથી રાજસ્થાનમાંથી કોઈપણ વ્યક્તિ પ્રવેશી શકે નહિ...! ની માંગ જાગૃત નાગરિકોમાં પ્રબળ બની છે

# સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકામાં રાશનકીટ વિતરણ નું આયોજન કરવામાં આવ્યું

કમલેશ રાવલ ખેડબ્રહ્મા દ્વારા

ઈડરના જાણીતા સામાજિક કાર્યકર અને પત્રકાર દશરથભાઈ એ.રાવલ (મહારાજા) દ્વારા થયેલ પ્રાપ્ત માહિતી અનુસાર હાલમાં આ મહામારી ની બીમારીમાં સંપૂર્ણ ભારતદેશમા નોવેલ કોરોના નામનો મહાભયંકર વાયરસ ના કારણે સરકારશ્રી ના આ અગમ ચેતી પગલા લેવામા આવેલ છે ત્યારે સમગ્ર પૂરા દેશ મા ૨૧ દિવસ નું લોકડાઉન જાહેર કરવામા આવેલ છે ત્યારે સાબરકાંઠા જિલ્લામાં લોકડાઉન ના કારણે લોકોને જીવનજરુરીયાત ચીજ-વસ્તુ ઓ પૂરી પાડી શકાય તે આશય થી વિજયનગર તાલુકાના નાના-મોટા ગામડાઓ અને વિસ્તારોમા જરુરીયાતમંદ પરીવારોને કીટ ની સહાય મળી રહે તે માટે ઘરે-ઘરે જઈને કરીયાણુ તેમજ શાકભાજી ની કીટો બનાવીને વિતરણ કરવામાં આવેલ છે ત્યારે ઈડર ના હિન્દુ એકતા મંચ ગુજરાતના પ્રમુખ શ્રી પાર્થરાજસિંહ ઝાલા (બાપુ) તથા વિજયનગર સેવાભાવિ ટીમ ના રાહુલકુમાર છોટાલાલ શાહ અને વિજયનગર એસોસીએસન ના પ્રમુખ શ્રી નલિનકુમાર નાનચંદભાઈ શાહ તેમજ વહિવટી તંત્રોના માર્ગ દર્શન અને સહયોગ હેઠળ ....રાહુલભાઈ છોટાલાલ શાહ , સંતોષભાઈ બી.ભાટીયા , ભરતભાઈ સુથાર , હિતેષભાઈ કે. ડબગર ,રમેશભાઈ પી.ચૌહાણ , અજયભાઈ બી. ભટ , મુકેશભાઈ ભાટીયા , અજયભાઈ ભાટીયા (મોડાસા વાળા ) , ધવલભાઈ પી. સંકેસરા સુરેશભાઈ એમ. દેસાઈ , સુભમભાઈ વી. પંચાલ, તેમજ અન્ય વિજયનગર જય શ્રી રામ ગુ?પ ના તમામ સભ્યો શ્રી ઓ ની મહા મહેનત અને જહેમતે આ કાર્ય ને કટિબદ્ધ રીતે પાર પાડવામા આવેલ છે ત્યારે આ શુભ કાર્ય ને અને કાર્યકરોની સરાહનીય કામગીરી ને બિરદાવવામા આવી રહી છે. ત્યારે વિજયનગર અને ચિઠોડા મા આજુ-બાજુ ના નાના-મોટા ગામડા અને વિસ્તારોમાં આવી વિકટ સમસ્યામા સેવા પુરી પાડી રહેલા સેવાભાવી સેવકો પર આમ જનતા લાગણી અને આશીર્વાદ વરસાવી રહ્યા છે

## હારીજ શહેર માં પાનમસાલા,ગુટખા,બીડીના

# વેપારીઓની ખાનગી વેચાણ કરી ચલાવી રહ્યા છે ઉઘાડી લૂંટ જવાબદાર તંત્ર લાચાર

કોરોનાની મહામારી માં આખું વિશ્વ ઝઝૂમી રહ્યું છે એવા સમયે હારીજ ખાતે ખાનગી રીતે વેપારીઓ દ્વારા ગુટખા ,બીડી, તમાકુ,પાન મસાલા માં ઉઘાડી લૂંટ ફાટ ચલાવી રહ્યા હોવાનું તાજેતર માં સામે આવ્યું છે. વેપારીઓ દ્વારા વહેલી સવારે બંદ બારણે ગ્રામ્ય વિસ્તારોમાં ગલ્લા દુકાનો ધરાવતા નાના વેપારીઓને ટેલિફોનિક જાણ કરી બે નંબર માં ત્રણ ઘણા ભાવમાં ગુટખા, બીડી , મસાલા નો વેપાર કરવામાં આવી રહ્યો છે..ત્યારે ગ્રામ્ય વિસ્તારના પાનગલ્લા, તેમજ દુકાનદારો લોકો પાસે મનફાવે તેમ ગુટખા, પાન, મસાલા નો બંધ બારણે ધમધમતો વેપાર કરી રહ્યા છે . એક તરફ સરકાર દ્વારા લોક ડાઉન જાહેર કરવામાં આવેલું છે.તો બીજી બાજુ ગુટખા વેચાણ પર પણ પ્રતિબંદ છે તો પછી આ બે નંબર નો માલ કોની દયા થી શહેર થી મોડી ગ્રામ્ય વિસ્તાર સુધી આવે છે ક્યાંથી એ ચર્ચા નો વિષય બન્યો છે તો આવા લોકો ને સરકાર નો પ્રતિબંદ હોવા છતાં કોઈનો પણ ડર રાખ્યા વગર ખુલ્લે આમ ગુટખા ,તેમજ પાન મસાલા નો વેપાર કરતા તત્વો સામે પોલીસ તેમજ જવાબદાર તંત્ર દ્વારા કાયદેસર કાર્યવાહી કરવામાં આવે એવી લોક માંગ છે..?



ચવેલી ગામે ૧૩/૪/૨૦૨૦ ના રોજ સરપંચશ્રી ગ્રામજનો અને યુવાનો એ ભેગા મળી આખા ગામને સેનેટાઇઝ કરવામાં આવ્યું ભાજપ પ્રમુખ ઉપેન્દ્ર પટેલ ની હાજરીમાં અને તલાટીશ્રી ના માર્ગદર્શન તળે ચાણસ્મા તાલુકાના ચવેલી ગામ ને સેનેટાઇઝ કરવામાં આવ્યુંખેતી અને પશુપાલન ધરાવતું ગામ હોવા છતાં લોકડાઉન નો પણ અમલ થઈ રહ્યો છે સરપંચશ્રી પ્રકાશભાઈ પટેલ અને પંચાયત કમીટી ગરીબ માણસોને પણ મદદરૂપ થઈ રહી છે સમગ્ર ગ્રામજનો સારો સહકાર આપી રહ્યા છે .નિખિલ જોષી. ચાણસ્મા

## ઘરમાં રહો, સુરક્ષિત રહો નવૃત સૈનિકો બન્યા કોરોના વોરિયર્સ

# જિલ્લામાં પોલીસની પડખે રહી લોકોને લોકડાઉનનુ પાલન કરવા સમજાવે છે-નિવૃત જવાનો



સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકામાં નિવૃત્ત સૈનિકો કોરોનાના પગલે લોકડાઉનમાં પોલીસની મદદ કરી કોરોનાની જંગમાં પોતાની સેવા આપી રહ્યા છે. દેશ સેવા જ જેનો જીવન મંત્ર બની ગયો હોય તેવા આ જવાનો નિવૃતી સમયે પણ દેશ પર આવેલી આફતના સમયમાં ખડે પગે થયા છે.

ભારત દેશની સરહદની સેવા કરીને નિવૃત થયેલા આર્મીના જવાનો દેશની અંદરના કોરોના નામના અદશ્ય દુશ્મનથી દેશવાસીઓને બચાવવા માટે પોલીસની સાથે મળીને શહેરોમાં ફરજ બજાવી રહ્યા છે. વિશ્વ આખુ કોરોનાની મહામારીથી પીડાઇ રહ્યું છે ત્યારે આ સંક્રમણને રોકવા માટે લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે ત્યારે હિંમતનગર શહેરમાં અને આસપાસના વિસ્તારોમાં નિવૃત જવાનો સ્વૈચ્છિક સેવા આપી રહ્યા છે. અને લોકોને લોકડાઉનનો અમલ કરવા સમજાવી રહ્યા છે.

નિવૃત સૈનિકશ્રી ભારધ્વાજસિંહ રહેવરએ જણાવ્યું હતું કે, જ્યારે દેશને જરૂર પડે અમે દેશ સેવા માટે તૈયાર છીએ. ભારતદેશની સેવા એજ અમારો જીવનમંત્ર છે દેશ સેવામાં નિવૃતી હોય જ નહી. દેશની હાકલ થાય એટલે સૈનિક ફરજ પર હાજર થઈ જાય એ સૈનિકનો સ્વભાવ છે. આજે દેશ અને દુનિયા કોરોના મહામારી સામે જંગ લડી રહ્યું છે ત્યારે અમે સૈનિકો પાછળ કેમ રહીએ? આ મહામારીના સંક્રમણને રોકવા માટે વડાપ્રધાને જ્યારે લોકડાઉન જાહેર કર્યુ છે ત્યારે સમાજના કેટલાક દુશ્મનો આ વસ્તુની ગંભીરતાને સમજતા નથી. આ સમાજના દુશ્મનોને રોકવા જ્યારે પોલીસ ખડે પગે પોતાની ફરજ નિભાવી રહી છે ત્યારે અમે કેમ પાછળ રહીએ? વધુમાં શ્રી રહેવરે નગરજનો તેમજ દેશવાસીઓને અપીલ કરી હતી કે કોરોના અદશ્ય દુશ્મન છે. જેને આપણે હરાવવાનો છે માટે આપ લોકો સહકાર આપો ઘરમાં રહો અને સુરક્ષિત રહો. આજે પહેલી એવી જંગ છે જેમાં દેશવાસી ઘરમાં રહીને દેશની સેવા કરી શકશે, માટે અમે લોકોને બે હાથ જોડી વિનંતી કરીએ છીએ કે ઘરમાં રહો. જો નાગરીકો પોતાની નૈતિકતા સમજી ઘરમાં રહેશે તો પોલીસે કે અમારે આમ ઉભા નહી રહેવુ પડે. પોલીસને પણ પરીવાર છે અને અમારે પણ પરીવાર છે. ઘરમાં જ રહો અને ઘરમાં જ રહો.

અહેવાલ - ઈન્દ્ર પટેલ (સાબરકાંઠા)

## અરવલ્લી જીલ્લામાં પ્રવર્તમાન મહામારીને અટકાવવા જિલ્લા વહીવટી તંત્ર ધ્વારા

# જીલ્લામાં ક્વોરોન્ટાઈન અને આઈસોલેશન વોર્ડની ફેસીલીટી સુસજ્જ કરવામાં આવેલ છે

અરવલ્લી બ્યુરો મોડાસા

હાલમાં આખા વિશ્વમાં પ્રવર્તમાન કોરોના વાયરસ ઙ્ર્ંફૈંડ્ઢ-૧૯ મહામારીની પરિસ્થિતીને ધ્યાનમાં રાખીને અરવલ્લી જીલ્લામાં તાઃ-૧૩/૦૪/૨૦૨૦ના રોજ આરોગ્ય વિભાગના પેરામેડિકલ અને નોન પેરામેડિકલ ટીમ ધ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દરમ્યાન ૬૪૩૦૦૪ વ્યક્તિઓને આવરી લેવામાં આવેલ છે. જે પૈકી તાવ, ઉધરસ, અને શ્વાસની તકલીફ ધરાવતા ૩૯૯ વ્યક્તિઓ પૈકી તાવના – ૨૩૭, ઉધરસ-૧૪૯ અને શ્વાસના – ૧૩ વ્યકિતઓને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી.

કોરોના વાયરસના જેવા લક્ષણ ધરાવતા દર્દીઓના રિપોર્ટ અંગેની કામગીરી આરોગ્ય વિભાગ ધ્વારા કરવામાં આવી રહી છે. તાઃ-૧૩/૦૪/૨૦૨૦ સુંધી યાત્રી/વ્યક્તિઓના ૮૧ સેમ્પલ લેવામાં આવેલ છે તે પૈકી ૫૮ સેમ્પલ નેગેટીવ આવેલ છે અને ૨૩ સેમ્પલના રીપોર્ટ બાકી છે. બહારના દેશો માંથી આવેલ ૩૯૫ યાત્રીઓ એ ઓબઝર્વેશનના ૧૪ દિવસ પૂર્ણ કરેલ છે. તેમજ બહારના રાજ્ય/જિલ્લા માથી આવેલ યાત્રી તેમજ લોકલ વ્યક્તિની સંખ્યા કુલ -૧૦૪૯૩ છે તે પૈકી ૯૫૦૮ યાત્રી/વ્યક્તિઓ એ ઓબઝર્વેશનના ૧૪ દિવસ પૂર્ણ કરેલ છે. હાલમાં હોમ કોરેન્ટાઇન યાત્રી તેમજ લોકલ વ્યક્તિની સંખ્યા કુલ – ૯૮૫ છે. તેમજ હોસ્પિટલ આઈસોલેશનમાં ૨૩ યાત્રી/વ્યક્તિ ને રાખવામા આવેલ છે.

# પાલીતાણાના ચાર મિત્રો એ વિકસાવ્યું સેનેટાઈઝર મશીન

ભાવનગર જિલ્લામાં પાલીતાણા શહેરના ચાર મિત્રો પ્રજાજનોની વ્હારે આવ્યા છે સેનેટાઈઝર મશીન બનાવી ૯મી એપ્રિલના રોજ પ્રજાજનો માટે નગરપાલિકા ને અર્પણ કર્યું છે. જે ૧૦ સેકન્ડમાં એક વ્યક્તિ સંપૂર્ણ સેનેટાઈઝ થઈ જાય . આ મશીનમાં ૨૫૦ લીટર પાણી સાથે સનેટાઈઝર ૧૨ કલાક ચાલે તેમ છે જેમાં છ સ્પ્રિકલર, એક એક્સ્ટ્રા પોર્ટેબલ સ્પ્રિકલર અને લોખંડના ફેબ્રિકેશનથી તૈયાર કરાયું છે સાત ફૂટ હાઈટ, પાંચ ફૂટ લંબાઈ અને ૩. ફૂટ પહોળાઈ મશીન બનાવાયુ છે આ મશીન બનાવવામાં ભાવનગર પોલીટેકનીક ઈન્સ્ટીટયુટ , પાલીતાણાના મેનેજિંગ ડિરેક્ટર વૈભવ પટેલ ના માર્ગદર્શન નીચે ચેતન પટેલ, નિલેશ પટેલ ,મહેશ પટેલ અને મહિપાલ રાણાએ પોતાના સ્વખર્ચે બનાવ્યુ છે. આ સેનેટાઈઝર મશીનને નગરપાલિકા પાલિતાણા ને નગરજનોના ઉપયોગ માટે અર્પણ કર્યું છે


શ્રદ્ધાંજલી



સ્વ. ભાવેશભાઈ ઉપાધ્યાય

આપ ગુજરાત પ્રદેશ મહામંત્રી

સ્વ.તા.૧૨/૦૪/૨૦૨૦ રવિવાર

સમય જિંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી, વિદાય તમારી અણધારી હશે એ ક્યાં ખબર હતી.સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા સૌના દિલમાં રાખી ગયા.પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

ગુણવંતભાઈ પટેલ ગાંધીનગર જિલ્લા પ્રમુખ
રાજેન્દ્ર એમ.બારોટ ગાંધીનગર જિલ્લા યુવા પ્રમુખ
મનોજ એચ.બ્રહ્મભટ્ટ દહેગામ તાલુકા પ્રમુખ
પૂમાન એમ.રાવલ દહેગામ તાલુકા ઉપપ્રમુખ


## બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી સંદીપ સાગલેની APL-1 રાશનકાર્ડ ધારકોને અપીલ

# સુખીસંપન્ન લોકો જરૂરિયાતમંદ લોકો માટે સ્વેચ્છાએ પોતાનો હક્ક જતો કરી સેવાના ભાગીદાર બને -કલેકટરશ્રી સંદીપ સાગલે



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી સંદીપ સાગલેએ જણાવ્યું છે કે, આવતીકાલ તા.૧૩ એપ્રિલ-૨૦૨૦થી બનાસકાંઠા જિલ્લામાં નોન એફ.એસ.એ. એપીએલ-૧ રાશન કાર્ડધારકોને વિનામૂલ્યે રાશન કીટનું વિતરણ થવાનું છે. બનાસકાંઠા જિલ્લામાં નોન એફ.એસ.એ. એપીએલ-૧ ના ૨,૫૩,૦૦૦થી વધારે રેશનકાર્ડધારકો છે અને તેમાં આશરે ૧૧ લાખની વસ્તીનો સમાવેશ થાય છે. એક રેશનકાર્ડ દીઠ ૧૦ કિ.ગ્રા. ઘઉં, ૩ કિ.ગ્રા. ચોખા, ૧ કિ.ગ્રા. ચણાદાળ અથવા ચણા અને ૧ કિ.ગ્રા. ખાંડનું વિનામૂલ્યે વિતરણ કરવામા આવનાર છે. રાજય સરકારની સુચના પ્રમાણે શિડ્યુલ પ્રમાણે રાશન વિતરણ કરાશે. તેમણે કહ્યું કે, ૧૩ મી તારીખે જેમના રેશન કાર્ડનો છેલ્લો આંક ૧ અને ૨ છે તેમને રાશન વિતરણ કરાશે. તા. ૧૪ મીએ ૩ અને ૪ અંકવાળા તા. ૧૫ મીએ ૫ અને ૬ તા. ૧૬ મીએ ૭ અને ૮ તા. ૧૭ મીએ ૯ અને ૦ છેલ્લા આંકવાળા રેશનકાર્ડધારકોને રાશન વિતરણ કરવામાં આવશે. આ વચ્ચે કોઇ રાશનથી વંચિત રહી ગયું હશે તો તેમને તા. ૧૮ એપ્રિલના રોજ રાશન વિતરણ કરાશે. શિડ્યુલ મુજબ જ સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવી રાશન લેવા જવા કલેકટરશ્રીએ જણાવ્યું છે.

બનાસકાંઠા કલેકટરશ્રી સંદીપ સાંગલએ અપીલ કરતા જણાવ્યું છે કે જેમને જરૂરીયાત નથી તેવા પરિવારો અથવા સુખી સંપન્ન પરિવારો સ્વેચ્છાએ જરૂરીયાતમંદ લોકોની તરફેણમાં પોતાનો હક્ક જતો કરી સેવાના ભાગીદાર બને.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.